શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ મેમનગર, અમદાવાદ તથા શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ વિશ્વવિદ્યા પ્રતિષ્ઠાનમ્નું મુખપત્ર

सद्विद्या प्रवर्तावो पृथ्वी परे...

ગુરુકુલ દર્શન

ISSN 2582-6409
વર્ષ : ૧૭ • અંક : ૦૬
જૂન : ૨૦૨૫

રથયાત્રા વિશેષાંક-૨

શ્વેતાંબર સર્વે અંગે બિરાજે, હાં રે જોઈ કોટીક કામ છબી લાજે રે....

SGVP રીબડા ગુરુકુલ ખાતે યોજાયેલ બાલ સત્સંગ શિબિરમાં ઉપસ્થિત ત્રણસો જેટલા બાલ-બાલિકાઓ

SGVP વાવડી-રાજકોટ ખાતે નૂતન શાળામાં પ્રવેશ મેળવતા બાળકો

SGVP રીબડા ગુરુકુલ દ્વારા અમદાવાદ ગુરુકુલ સુવર્ણ જયંતી મહોત્સવ ઉપક્મે આયોજિત ચપ્પલ વિતરણ, વૃક્ષારોપણ તથા પદયાત્રામાં જોડેયાલ સંતો, ભક્તો તથા વિદ્યાર્થીઓ

અમદાવાદ ગુરુકુલ ખાતે આયોજિત ભજનપર્વ પ્રસંગે શ્રી ઘનશ્યામ મહારાજનો કેસરજળ અભિષેક, ભજનના વિવિધ આયોજનોમાં ઉપસ્થિત સંતો-ભક્તો તેમજ પ્લેન દુર્ઘટનામાં દિવંગત આત્માઓ માટે વિશેષ પ્રાર્થના

પ્લેન દુર્ઘટનામાં ઇજાગ્રસ્ત દર્દીઓની સહાય માટે આયોજિત રક્તદાન કેમ્પ, અમદાવાદ ગુરુકુલ

SGVP ખાતે આયોજિત GPL-14 માં વિજેતા ટીમને ટ્રોફી અર્પણ કરતા સંતો-મહાનુભાવો

ગુરુકુલ દર્શન

ભગવાન શ્રી સ્વામિનારાયણ

પરમ પૂજ્ય ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજ
શ્રી ધર્મજીવનદાસજી સ્વામી

પરમ પૂજ્ય ગુરુવર્ય શાસ્ત્રી
શ્રી માધવપ્રિયદાસજી સ્વામી

: આશીર્વાદ :
પરમ પૂજ્ય પ્રાતઃસ્મરણીય શ્રી જોગીસ્વામી

વર્ષ-૧૭, જૂન : ૨૦૨૫, અંક : ૦૬

પ્રકાશક તથા માલિક
બાલકૃષ્ણદાસજી સ્વામી
શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ મેમનગર,
અમદાવાદ-૩૮૦૦૫૨

તંત્રી : શામજી ભગત
સંપાદક : સાધુ યજ્ઞવલ્લભદાસ
તસ્વીર : જી. વિઝન
કલા સંયોજન : હરિકૃષ્ણ ગ્રાફીક્સ

વાર્ષિક લવાજમ : રૂા. ૫૦/-
પંચવાર્ષિક લવાજમ : રૂા. ૨૫૦/-
૨૦ વર્ષનું લવાજમ : રૂા. ૭૦૦/-
વિદેશમાં ૨૦ વર્ષનું લવાજમ : $ ૧૧૦/-

પોતે પરબ્રહ્મ રે સ્વામી સહજાનંદ ....

પોતે પરબ્રહ્મ રે સ્વામી સહજાનંદ,
નારાયણ પ્રબળ પ્રતાપ છે...ટેક.
વા'લો ભરતખંડના નરનારીને,
પોતે તપ કરી રે આપે ફળ સોપ...ના-૧
હરિનાં તપ કેરાં પુણ્ય પ્રતાપથી,
થયા શુદ્ધ મન રે હરિજન સર્વ કોય...ના-૨
સ્વામિનારાયણ મુખે ઉચ્ચરે,
તેને જન્મ-મરણ જમનો ભય જાય...ના-૩
સરવે નરકના કુંડ ખાલી થયા,
ભૂખ્યા જમગણ રે કર ઘસી પસ્તાય...ના-૪
પામ્યા અનંત જીવ હરિધામને,
તેની ગણના રે કે'તાં શેષ લજાય...ના-૫
મુક્તાનંદ કહે મહિમા અતિ ઘણો,
તેને એક મુખે રે કવિ કેટલોક ગાય...ના-૬

અનુક્રમણિકા

૧. એકાદશીએ ભાતનો પ્રસાદ	૦૪
૨. પ્રેમાગ્નિથી પીગળેલો પાષાણસ્તંભ !	૦૫
૩. અધિક અષાઢમાં બ્રહ્મ-પરિવર્તન !	૦૬
૪. જગન્નાથપુરીનાં સુપ્રસિદ્ધ તીર્થો	૦૭
૫. જગન્નાથપુરીમાં ભગવાન નીલકંઠ વર્ણી	૦૮
૬. કથા, વિજ્ઞાન અને કિંવદન્તીઓ !	૦૯
૭.સાક્ષીગોપાલની સાક્ષીએ	૧૦
૮. મંદિરોમાં માત્ર હિન્દુઓને પ્રવેશ	૧૧
૯. સ્વચ્છતા રાષ્ટ્રધર્મ છે	૧૩
૧૦. સત્સંગ ક્વિઝ	૧૫
૧૧. સમાચાર દર્શન	૧૬

લવાજમ અંગે પત્રવ્યવહાર
'ગુરુકુલ દર્શન' કાર્યાલય
શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ
ગુરુકુલ રોડ, મેમનગર, અમદાવાદ-૫૨
(૦૭૯) ૨૭૯૧૨૫૯૧/૯૨

'ગુરુકુલ દર્શન' દર મહિનાની ૨૫ તારીખે પ્રગટ થાય છે. એ પછીના એક અઠવાડિયા સુધીમાં આપને અંક ન મળે તો નજીકની પોસ્ટ ઓફિસ અથવા પોસ્ટમાસ્તરનો સંપર્ક કરવો. એડ્રેસમાં સુધારો પત્ર અથવા ઈમેઈલથી જ થશે.

GurukulParivar | GurukulParivar
swaminarayangurukul.org | darshan@sgvp.org

: રથયાત્રા :
કથા અને ઇતિહાસ

- સ્વામી માધવપ્રિયદાસ

એકાદશીએ ભાતનો પ્રસાદ

ભગવાન જગન્નાથજીના ભોગમંડપની સામે જ વિશાળ રસોઈઘર છે, રસોઈઘરમાંથી રસોઈ સીધી ભોગમંડપમાં લાવી શકાય છે. રસોઈઘરમાં રસોયા સિવાય બીજા કોઈ પ્રવેશ કરી શકતા નથી, પરંતુ રસોઈઘરની બહારની દિવાલમાં નાનાં નાનાં ચોરસ કાણાં છે, આ કાણાંઓમાંથી વિશાળ રસોઈઘરનું દર્શન થઈ શકે છે.

રસોઈ બનાવવા માટે પાંચસો રસોયા છે અને ત્રણસો સેવકો એમના સહયોગીઓ છે. જૂના જમાનામાં માટીનાં વાસણમાં રસોઈ કરવામાં આવતી હતી, એ જ રીતે આજે પણ ભગવાન જગન્નાથજીની રસોઈ માટીનાં વાસણમાં જ થાય છે.

આજનું આરોગ્યવિજ્ઞાન પણ કહે છે કે, માટીનાં વાસણમાં રાંધવામાં આવેલ ભોજન ભારે સ્વાદિષ્ટ અને આરોગ્યપ્રદ હોય છે.

કહેવાય છે કે અહીં એક જ ચૂલે એકસાથે ઉપરાઉપરી સાત હાંડલી મૂકવામાં આવે છે ! નવાઈની વાત એ છે કે , ઉપલી હાંડલીનો ભાત પહેલાં ચડે છે અને નીચેની હાંડલીનો ભાત છેલ્લે ચડે છે !

બીજી નવાઈની વાત એ છે કે અહીં ભગવાનના દરબારમાં રોજ હજારો માણસો ભોજન-પ્રસાદ લ્યે છે, પરંતુ દેવી અન્નપૂર્ણાની કૃપાથી ક્યારેય ભોજન-પ્રસાદ ખૂટ્યો હોય કે વધી પડ્યો હોય એવો દાખલો નથી !

તિરુપતિમાં બુંદીના લાડુનો પ્રસાદ વખણાય છે, શ્રી સ્વામિનારાયણ મંદિરોમાં મગસના લાડુનો પ્રસાદ વખણાય છે, જ્યારે જગન્નાથપુરીમાં ભાતના પ્રસાદનો ભારે મહિમા છે.

ભગવાન જગન્નાથજીના ભાતના પ્રસાદ વિશે એક વાત અતિ રોચક છે. સામાન્ય રીતે એકાદશીના દિવસે અન્નભોજનનો નિષેધ છે, પરંતુ જગન્નાથપુરીમાં ભાતનો પ્રસાદ એમાં અપવાદ છે. અહીં રાંધેલા ચોખાનો પ્રસાદ સ્વીકારવામાં બાધ મનાતો નથી. કહેવાય છે કે, એક વખત એકાદશીને મનમાં ગર્વ થયો કે, 'વ્રતોમાં હું સર્વશ્રેષ્ઠ છું !'

ભગવાન જગન્નાથજીએ એકાદશીનો ગર્વ ઊતારવા માટે પુરુષોત્તમપુરી ક્ષેત્રમાં એકાદશીના હાથ બાંધી, બંધક બનાવીને કહ્યું કે, 'આ ક્ષેત્રમાં એકાદશીના વ્રત કરતાં પણ અમારા પ્રસાદનો મહિમા વિશેષ છે.'

મંદિરની પ્રદક્ષિણામાં પાછળના ભાગે, ગગનચુંબી શિખરની નીચેના ભાગમાં, એક નાનકડા ઝરૂખામાં એકાદશીની મૂર્તિ કંડારેલી છે. મૂર્તિની આકૃતિ અસ્પષ્ટ છે, કોઈ કહે છે કે, 'એકાદશીના હાથ પાછળ બાંધેલા છે' તો કોઈ ટીખળી એવું પણ કહે છે કે, 'એકાદશીને ઊંધી લટકાવેલી છે !'

એ જે હોય તે પરંતુ એક વાત નક્કી છે કે, જગન્નાથપુરીમાં એકાદશીએ ભાતનો પ્રસાદ જમવામાં બાધ ગણાતો નથી. અહીં ભગવાન જગન્નાથજીના પ્રસાદના મહિમાની સામે એકાદશીનું વ્રત પરાજિત થાય છે.

જગન્નાથપુરીએ ભાતનો પ્રસાદ લેવો કે નહીં, એ વિષય વૈષ્ણવોની વિવેકબુદ્ધિ ઉપર આધાર રાખે છે.

કહેવાય છે કે એક વાર મહાપ્રભુ વલ્લભાચાર્યજી જગન્નાથપુરી પધાર્યા હતા, એકાદશીનો દિવસ હતો. મહાપ્રભુજી ભક્તિમાર્ગના પ્રવર્તક હોવાથી તેઓ નિયમિત રીતે એકાદશીનું વ્રત કરતા હતા.

અહીં કેટલાક લોકોએ મહાપ્રભુજીની પરીક્ષા કરવા માટે એમને કેળના પાંદડાંમાં ભાતનો પ્રસાદ પીરસ્યો. ભાતના આ પ્રસાદે મહાપ્રભુજી માટે ભારે ધર્મસંકટ ઊભું કર્યું, જો તેઓ ભાતનો પ્રસાદ સ્વીકારે તો એકાદશીના વ્રતનો ભંગ થાય અને જો ન સ્વીકારે તો પ્રસાદનો અનાદર કર્યો કહેવાય!

મહાપ્રભુજીએ કોઈ અનોખો જ રસ્તો લીધો, તેઓએ પાત્રમાં પીરસાયેલ પ્રસાદની સ્તુતિ શરૂ કરી. આ સ્તુતિ એકધારી ચોવીસ કલાક ચાલી ! એકાદશી વીતી ગઈ, બારસનો દિવસ આવી ગયો, મહાપ્રભુજીએ પ્રસાદનો સ્વીકાર કર્યો.

કથાનો આશય એ છે કે, વૈષ્ણવોએ કોઈ પણ રીતે એકાદશીના વ્રતનો ભંગ ન કરવો, પ્રસાદને વંદન કરવું એ પણ પ્રસાદના આદર સમાન છે.

પ્રેમાગ્નિથી પીગળેલો પાષાણસ્તંભ !

ભક્તિમાર્ગના પ્રવર્તકોમાં મહાપ્રભુ ચૈતન્યજીનું નામ મોખરે છે. એક સમયે તેઓ પ્રખર પ્રતિભાસંપન્ન હતા, ન્યાયશાસ્ત્રના તર્ક-વિતર્કમાં એમને કોઈ પહોંચી શકે એમ ન હતું.

આખરે તેઓ બુદ્ધિના સીમાડાથી પાર પહોંચ્યા અને પ્રેમના સામ્રાજ્યમાં પ્રવેશ કર્યો. એમની લોકોત્તર બુદ્ધિ ઉપર પ્રેમભક્તિએ વિજય મેળવ્યો.

એમના રોમેરોમમાંથી ભક્તિરસ વરસવા માંડ્યો, તેઓ જ્ઞાનમાર્ગ છોડીને ભક્તિમાર્ગના પ્રવર્તક બન્યા. ચૈતન્ય ચરિત્રામૃતમાં એમનું ભક્તિથી ભરપૂર જીવન આલેખાયેલું છે. હરિનામ-સંકીર્તન એ જ એમનું જીવન હતું. તેઓ અવિરત

હરે કૃષ્ણ! હરે કૃષ્ણ! કૃષ્ણ કૃષ્ણ! હરે હરે!
હરે રામ! હરે રામ! રામ રામ! હરે હરે!

આ મંત્રનો જપ કરતા રહેતા. તેઓ જ્યારે હરિનામ-સંકીર્તન કરતા ત્યારે એમની આંખોમાંથી આંસુઓની ધારાઓ વહેતી રહેતી. તેઓ અલૌકિક ભાવદશામાં પહોંચી જતા.

ભલભલા યોગીઓને સમાધિ દુર્લભ છે, પરંતુ ચૈતન્ય મહાપ્રભુજીને સંકીર્તન કરતાં કરતાં ભાવસમાધિ લાગી જતી.

જગન્નાથપુરીમાં એક ગંભીરા મઠ છે, જેને શ્રીરાધાકાંત મઠ પણ કહે છે. ચૈતન્ય મહાપ્રભુજી આ ગંભીરા મઠમાં અઢાર વર્ષ રહ્યા હતા. તેઓ મોટા ભાગે ભગવાનના વિરહમાં ઉન્માદ અવસ્થામાં રહેતા હતા.

ચૈતન્ય મહાપ્રભુજી જ્યારે ભગવાન જગન્નાથજીનાં દર્શને પધારતા, ત્યારે તેઓ એકદમ ભાવાવેશમાં આવી જતા.

વાછરડાને જોઈને ગાય દોડે એમ તેઓ ભગવાન જગન્નાથજી તરફ દોટ મૂકતા. બે સેવકો એમને બાહુઓથી પકડી રાખતા!

ભગવાન જગન્નાથજીના ગર્ભગૃહની સામેના નૃત્યમંડપમાં રહેલ ગરુડસ્તંભની પાસે તેઓ રોકાઈ જતા.

પૂજારીઓ એમને ગર્ભગૃહમાં આવવાનો આગ્રહ કરતાં ત્યારે તેઓ કહેતા, 'मैं गरुडस्तंभ से आगे नहीं जाउँगा, क्योंकि भगवान जगन्नाथजी का गर्भगृह शालिग्राम शिलाओं से बना है, उन पर हम कैसे पैर रख सकते हैं?'

ગરુડસ્તંભની ડાબી બાજુ શ્યામ કસોટીના પથ્થરમાંથી બનેલો એક સ્તંભ છે. ચૈતન્ય મહાપ્રભુજી એક હાથે એ સ્તંભને પકડીને ઊભા રહેતા અને પ્રબળ પ્રેમાવેશથી ભગવાન જગન્નાથજીનાં દર્શન કરતાં.

દર્શન કરતી વખતે ચૈતન્ય મહાપ્રભુજીના રોમેરોમમાં પ્રેમનો અગ્નિ એટલો પ્રજ્વલિત રહેતો કે એ પ્રેમાગ્નિના પ્રભાવે ગ્રેનાઈટના કાળમીંઢ પથ્થરમાંથી બનેલો પાષાણ સ્તંભ પણ પીગળવા માંડતો!

મજબૂત લોખંડને પિગાળીને પ્રવાહીમાં ફેરવી શકાય છે, સુવર્ણ અને રજતને પણ પ્રવાહી બનાવી શકાય છે, બીજી અનેક ધાતુઓને અગ્નિથી ઓગાળી શકાય છે, પરંતુ પથ્થરની વાત જુદી છે, એને અગ્નિથી તપાવી લાલચોળ કરી શકાય છે, બાળીને રાખ કરી શકાય છે, પરંતુ એને પીગાળીને પ્રવાહી તો બનાવી ન જ શકાય.

જ્યારે અહીં તો એક પ્રેમમૂર્તિ પરમહંસના સ્પર્શે પાષાણ પણ દ્રવીભૂત થયો હતો, એમાં મહાપ્રભુજીના અંગૂઠા અને આંગળીઓની ઊંડી છાપ પડી ગઈ હતી, આજે પણ આ છાપો આ પાવનકારી પ્રસંગની સાક્ષી પૂરે છે.

વાલિયા લૂંટારા જેવા ઘણા મનુષ્યોનાં દિલ કાળમીંઢ પથ્થર જેવાં હોય છે, પરંતુ નારદજી જેવા સત્પુરુષના યોગથી એમનાં દિલ કોમળ માખણ જેવાં બની જાય છે.

મનુષ્યનો અહંકાર કાળમીંઢ પથ્થર જેવો છે. એ કોઈ રીતે પીગળતો નથી, એક જ્ઞાનાગ્નિ, બીજો પ્રેમાગ્નિ આ બે અગ્નિ અહંકારને ઓગાળી નાખે છે.

અધિક અષાટમાં બ્રહ્મ-પરિવર્તન !

ભારતીય કેલેન્ડર પ્રમાણે જ્યારે જ્યારે અધિક અષાઢ માસ આવે છે ત્યારે ભગવાન જગન્નાથજીના નિજમંદિરમાં બિરાજમાન દેવો નવા વિગ્રહ ધરે છે. આવો અવસર લગભગ ઓગણીસ વર્ષે આવે છે.

અધિક અષાઢ માસમાં જૂની મૂર્તિઓમાંથી દેવોનું વિસર્જન કરવામાં આવે છે અને નવી મૂર્તિઓમાં પ્રાણ-પ્રતિષ્ઠા થાય છે, આ વિધિ બ્રહ્મ-પરિવર્તન મહોત્સવ નામે પ્રસિદ્ધ છે. આ નવી મૂર્તિઓ વિશિષ્ટ પ્રકારના નિંબવૃક્ષના થડમાંથી બનાવવામાં આવે છે. આ માટે ચાર નિંબવૃક્ષની જરૂર પડે છે, નિંબવૃક્ષની શોધનો આરંભ વસંતપંચમીથી થાય છે.

ભગવાન જગન્નાથજીના મંદિરથી આશરે ત્રીસ કિ.મી. દૂર કોણાર્ક છે, કોણાર્કથી વીસ કિ.મી. દૂર માતા પાર્વતીજીનું મંદિર છે, અહીં માતાજી મંગલાદેવી નામે પ્રસિદ્ધ છે. આ મંદિર પ્રાચી નદીને કિનારે બનેલું છે, પ્રાચી નદી મહા નદીની એક શાખા છે.

નિંબવૃક્ષની શોધ માટે વિશ્વાવસુ અને વિદ્યાપતિના વંશજોના ચાર મંડળ પદયાત્રા કરતાં કરતાં મંગલાદેવીના મંદિરે પહોંચે છે, પંદર દિવસ સુધી નૃસિંહમંત્રનો જાપ કરે છે અને મંગલાદેવીનું આરાધન કરે છે.

પ્રસન્ન થયેલા મંગલાદેવી સ્વપ્નમાં આ ભક્તોને જોઈતાં નિંબવૃક્ષ ક્યાં મળશે એનો સંકેત કરે છે. આજે ઘોર કળિકાળમાં પણ આ સ્વપ્નસંકેતની વાત સત્ય છે.

મંગલાદેવીએ આપેલ સંકેત પ્રમાણે જે નીમ્બવૃક્ષ ઉપર શંખચક્રાદિ ચિહ્ન જોવા મળે એ નિંબવૃક્ષનાં થડ મૂર્તિઓનાં નિર્માણ માટે વપરાય છે.

નિંબવૃક્ષનાં થડ લીધા પછી એમનાં જે ડાળીઓ અને પાંદડાંઓ બચે છે, એને જમીનમાં દાટી દેવામાં આવે છે કે જેથી કોઈ એનો ઉપયોગ ન કરી શકે.

વિશ્વકર્માની પરંપરાના કારીગરો આ ચાર થડમાંથી ભગવાન જગન્નાથજી, બલભદ્રજી, સુભદ્રાજી, સુદર્શનચક્ર અને નીલમાધવની મૂર્તિઓ તૈયાર કરે છે.

ભગવાન જગન્નાથજીના દિવ્ય અને અલૌકિક શ્રીવિગ્રહમાં હૃદયસ્થાને બ્રહ્મતત્ત્વ બિરાજે છે, એ બ્રહ્મતત્ત્વની નવા વિગ્રહમાં પ્રતિષ્ઠા થાય છે, એ બ્રહ્મતત્ત્વ અત્યંત ગોપનીય છે, એનું રહસ્ય આજ સુધી કોઈ જાણી શક્યું નથી.

બલરામજી, સુભદ્રાજી અને સુદર્શન ચક્રના હૃદયસ્થાને જીવંત શાલિગ્રામ બિરાજે છે. નવા વિગ્રહમાં એમની સ્થાપના કરવામાં આવે છે. કહેવાય છે કે આ શાલિગ્રામની સ્થાપના આદિશંકરાચાર્યજીએ કરેલી છે.

મંદિરના અન્ય વિગ્રહોમાં એક-એક દેવનું આવાહન થાય છે, જ્યારે ભગવાન જગન્નાથજીનો વિગ્રહ બ્રહ્મમય છે, એમાં સર્વ અવતારોનો વાસ છે એટલે એમની સર્વદેવનિવાસ તરીકે સ્તુતિ કરવામાં આવે છે.

ભગવાન જગન્નાથજીના મંદિરના પરિસરમાં, ઉત્તર મહાદ્વારની પાસે કોઈલી વૈકુંઠ નામનું સ્થાન છે. નવી મૂર્તિઓમાં પ્રાણ-પ્રતિષ્ઠા થયા પછી જૂની મૂર્તિઓને આ સ્થળે ભૂસમાધિ આપવામાં આવે છે.

જગન્નાથપુરી પંચતીર્થપુરી કહેવાય છે. અહીં પાંચ તીર્થોમાં સ્નાન ઉત્તમ મનાય છે, જેનાં નામ છે ઇન્દ્રદ્યુમ્ન સરોવર, રોહિણ કુંડ(સરોવર), માર્કંડેય સરોવર, શ્વેતગંગા સરોવર અને પાંચમો સમુદ્ર. આ એક એક જળતીર્થ સાથે આગવી કથાઓ જોડાયેલી છે.

જગન્નાથપુરીની આસપાસ અનેક મંદિરો આવેલાં છે. મંદિરના સિંહદ્વારની પાસે મહાલક્ષ્મીજીનું મંદિર છે, એની બાજુમાં ભગવદ્પાદ રામાનુજાચાર્યજીની ગાદી છે, જે એમ્બાર મઠ તરીકે પ્રસિદ્ધ છે.

શ્રીવૈષ્ણવ સંપ્રદાયમાં જગન્નાથપુરીની ગણના ૧૦૮ દિવ્યદેશમાં થાય છે. હજારો વર્ષ પહેલા થયેલા આલ્વારોએ અહીં ભગવાન જગન્નાથજીની સ્તુતિ કરી હતી. આનો અર્થ એ છે કે આ મંદિર હજારો વર્ષ જૂનું છે. શ્રીસંપ્રદાયના આદિપ્રવર્તક શ્રીપાદ્ રામાનુજાચાર્યજી અહીં ઘણો સમય રોકાયા હતા.

મંદિરથી સમુદ્ર તરફ જતા માર્ગમાં ગંભીરા મઠ છે. અહીં ચૈતન્ય મહાપ્રભુજી અઢાર વર્ષ સુધી રહ્યા હતા. ગંભીરા મઠની સમીપે સિદ્ધબકુલતીર્થ છે. આ સ્થળ વૃંદાવનના મહાન ભજનિક સંત હરિદાસજીની આ ભજનસ્થલી છે, અહીં ચૈતન્ય મહાપ્રભુજીએ બકુલ વૃક્ષની ડાળી વાવી હતી, જે આજે વિશાળ વૃક્ષ રૂપે છે.

ગંભીરા મઠની બાજુમાં એક શંકરાનંદ મઠ છે. અહીં ભાગવતજીના સુપ્રસિદ્ધ ટીકાકાર શ્રીધર સ્વામી નિવાસ કરતા હતા.

મંદિરથી સમુદ્ર તરફ જતા માર્ગમાં સુપ્રસિદ્ધ ગોવર્ધન પીઠ છે. ભગવદ્પાદ શંકરાચાર્યજીએ ભારતવર્ષમાં ચારેય દિશામાં ચાર પીઠોની સ્થાપના કરી છે, ગોવર્ધનપીઠ એમાંની એક છે. સાગરને કિનારે સ્વર્ગદ્વારની પાસે પાતાળગંગા કૂપ છે, અહીંના કબીરમઠમાં કબીરજી થોડા દિવસ રોકાયા હતા.

અહીં એક તોટા ગોપીનાથ તીર્થ છે, કહેવાય છે કે, દ્વારિકામાં મીરાંબાઈ શરીર છોડતી વખતે રણછોડરાયજીની મૂર્તિમાં સમાયા હતા, એ જ રીતે શ્રીચૈતન્ય મહાપ્રભુજી ગોપીનાથજીની મૂર્તિમાં સમાઈ ગયા હતા. ભગવાન ગોપીનાથજીનાં વક્ષઃસ્થળમાં એક સુવર્ણ રેખા છે, જે ચૈતન્ય મહાપ્રભુના લીન થયાની નિશાની છે.

તોટા ગોપીનાથની બાજુમાં લોકનાથ મહાદેવજીનું મંદિર છે. જગન્નાથપુરીમાં પ્રાચીનતમ મંદિરોમાં આ મંદિરની ગણના થાય છે.

જગન્નાથપુરી રેલવેસ્ટેશનથી અડધો કિ.મી. દૂર બેડી હનુમાનજીનું મંદિર છે, આ મંદિર એક ઊંચા ચબૂતરા ઉપર આવેલું છે.

જગન્નાથપુરી સમુદ્રસપાટીથી માત્ર બાવીસ ફૂટની ઊંચાઈએ હોવાથી સમુદ્રનાં પાણી વારંવાર જગન્નાથપુરીમાં તારાજી સર્જતા હતા.

ભગવાન શ્રીરામચંદ્રજીએ હનુમાનજીને આદેશ કર્યો કે, 'તમે સમુદ્રનાં પાણી જગન્નાથપુરીમાં પ્રવેશે નહિ, એનું ધ્યાન રાખો અને જગન્નાથપુરીની રક્ષા કરો.'

ભગવાનની વચનરૂપી બેડીએ બંધાઈને હનુમાનજી અહીં કાયમ માટે બિરાજમાન છે અને જગન્નાથપુરીની રક્ષા કરે છે, એટલે એમનું નામ બેડી હનુમાન પડ્યું છે.

બેડી હનુમાનજી મંદિરની સામે જ સુપ્રસિદ્ધ ચક્રતીર્થ છે, અહીં સુદર્શન ચક્રનું સુંદર મંદિર છે, મંદિર અતિ પ્રાચીન છે. અહીં એક નાનો કુંડ છે, એમાં અખંડ સમુદ્રનું જળ રહે છે, સુદર્શન ચક્ર આ જળમાં બિરાજમાન છે.

ઇન્દ્રદ્યુમ્ન મહારાજે જે મહાદારૂમાંથી ભગવાનની મૂર્તિઓ બનાવડાવી હતી, એ મહાદારૂ અહીં પ્રાપ્ત થયું હતું.

જગન્નાથપુરીમાં ભગવાન નીલકંઠ વર્ણી

શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયમાં ચક્રતીર્થનો વિશેષ મહિમા છે. આ ચક્રતીર્થને કિનારે શ્રીજી મહારાજના સુપ્રસિદ્ધ સંત સુવ્રતમુનિ અર્થાત્ સ્વરૂપાનંદ સ્વામીએ પ્રતાપસિંહ રાજાને શ્રીમદ્ સત્સંગિજીવનની કથા સંભળાવી હતી.

અષાઢી સંવત ૧૮૫૪માં ભગવાન શ્રીસ્વામિનારાયણ નીલકંઠ વર્ણી રૂપે સાક્ષીગોપાલનાં દર્શન કરી અહીં પધાર્યા હતા, ઈન્દ્રદ્યુમ્ન સરોવરને કિનારે ઊતર્યા હતા. ભગવાન જગન્નાથજીના મંદિરના પૂજારીના હૃદયમાં તપોમૂર્તિ નીલકંઠ પ્રત્યે ખૂબ જ ભાવ જાગ્યો હતો, તેઓ રોજ નીલકંઠને ભગવાન જગન્નાથજીની પ્રસાદીરૂપ ભાતનું ભોજન જમાડતા હતા.

મંદિરના પૂર્વ દ્વાર પાસે એક વડ હતો, વડની નીચે ભાગવતની કથા વંચાતી. ભગવાન નીલકંઠ વર્ણી ત્યાં બેસી કથાનું શ્રવણ કરતાં. હાલમાં એ વડનું અસ્તિત્વ જણાતું નથી, પરંતુ જગન્નાથપુરીના વિદ્વાન પૂજારીઓ અહીં બેસીને વેદપાઠ, મંત્રજપ અને સ્તોત્રપાઠ કરે છે.

નીલકંઠ વર્ણી દરરોજ સમુદ્રસ્નાન કરતા, ઉપરાંત મંદિરથી એકાદ કિ.મી. દૂર ચંદન સરોવરમાં સ્નાન કરવા જતા અને ત્યાં યોગાભ્યાસ કરતા.

ભગવાન શ્રીનીલકંઠ વર્ણી જગન્નાથપુરીમાં દસ મહિના સુધી રોકાયા હતા. નીલકંઠ વર્ણીએ રથયાત્રાનો મહોત્સવ જગન્નાથપુરીમાં કર્યો હતો.

રથયાત્રાના પ્રસંગે નાગડા વૈરાગીઓની જમાતો જગન્નાથપુરીમાં ભેગી થઈ હતી, એમની સંખ્યા લગભગ દસ હજાર જેટલી હતી.

વૈરાગીઓના આ વિશાળ સમુદાયમાં અનેક નાની-મોટી જમાતો હતી, આમાંથી કેટલાક સત્ત્વગુણી હતા તો કેટલાક તમોગુણી હતા.

સત્ત્વગુણીઓનો વેશ સાત્ત્વિક અને શાંતિ આપે એવો હતો, સામે તમોગુણીઓનો વેશ વિકૃત અને ડરામણો હતો.

સત્ત્વગુણી વૈરાગીઓ પાસે ભજન કરવાની માળા અને સદ્ગ્રંથોનું જ્ઞાન એ જ અસ્ત્ર-શસ્ત્ર હતાં, જ્યારે તમોગુણી વૈરાગીઓ જાતજાતનાં હથિયારો ધારણ કરતા.

સત્ત્વગુણી વૈરાગીઓને બિરદાવતા નિષ્કુળાનંદ સ્વામી લખે છે કે,

કેટલાક ત્યાગી તપ કરતાં, કેટલાક સૌમ્ય વેશ ધરતા।

(ભ.ચિં.-૩૩)

મૂળ તો શંકરાચાર્યજીએ ધર્મરક્ષા માટે વૈરાગીઓની સશસ્ત્ર ફોજ ઊભી કરી હતી. આ એવો સમય હતો કે જ્યારે વિધર્મીઓ ભારત ઉપર આક્રમણ કરી રહ્યા હતા, આ વૈરાગીઓની સશસ્ત્ર ફોજ એમનો સામનો કરતી હતી.

કહેવાય છે કે ધર્મની રક્ષા કરતાં કરતાં લગભગ એક લાખ વૈરાગીઓએ પોતાનાં જીવનનાં બલિદાન આપ્યાં હતાં.

શંકરાચાર્યજીએ ઊભી કરેલી સશસ્ત્ર સેનાનું આ પ્રશંસનીય પાસું રહ્યું છે, પણ દુર્ભાગ્યે કોઈ આધુનિક ઈતિહાસકારોએ આ કુરબાનીની નોંધ લીધી નથી.



સમય અને સ્થિતિ એકસરખા રહેતાં નથી, સશસ્ત્ર વૈરાગીઓના વિષયમાં પણ એવું જ બન્યું છે. એમનું નિયામક પરિબળ નબળું પડ્યું, એટલે એમની જે દુર્દાંત શક્તિ રક્ષણ માટે વપરાતી હતી, એ જ શક્તિ ભક્ષણ કરનારી બની હતી.

સત્ત્વગુણી વૈરાગીઓ લોકોને ધર્મનો સાચો માર્ગ બતાવતા હતા, જ્યારે તમોગુણી વૈરાગીઓની જમાતો ભક્તિ અને

સમર્પણને નામે સ્ત્રીઓનું શોષણ કરતી હતી અને લોકોને ભારે ત્રાસ આપતી હતી.

નીલકંઠ વર્ણીએ તમોગુણી વૈરાગીઓના અત્યાચાર નજરે નિહાળ્યા હતા. તેઓ ધરતી ઉપરના આ ભારને દૂર કરવા માગતા હતા.

નીલકંઠ વર્ણીએ યુક્તિપૂર્વક પરસ્પર કલહ જન્માવ્યો હતો, જેને પરિણામે વૈરાગીઓની જમાતો વચ્ચે ભયંકર સંઘર્ષ થયો હતો. આ સંઘર્ષ બે મહિના સુધી લાંબો ચાલ્યો, આ પરસ્પરની લડાઈમાં હજારો તમોગુણી વૈરાગીઓનો વિનાશ થયો હતો. સત્સંગમાં આ કથા સુપ્રસિદ્ધ છે.

★★★★★

શાસ્ત્રોમાં ભગવાનના પ્રસાદનો ખૂબ જ મહિમા છે, છતાં શાસ્ત્રોનો નિયમ છે કે ગમે ત્યાં ગમે તેના હાથનો પ્રસાદ ન લેવાય.

આ નિયમના અપવાદ રૂપે ભગવાન શ્રીસ્વામિનારાયણે શિક્ષાપત્રીમાં લખ્યું છે કે, 'જગન્નાથપુરીને વિશે ભગવાન જગન્નાથજીનો પ્રસાદ લેવાય એનો દોષ નહીં.'

સ્વામિનારાયણ સંપ્રદાયના જૂના સંતોએ પણ વિધાન કર્યું છે કે, જ્યારે મંદિરોમાં મોટા મોટા ઉત્સવ-સમૈયાઓ થાય ત્યારે લક્ષાવધિ માણસો ભેગા થાય છે. એમાં વિવિધ વર્ગના મનુષ્યો આવે છે, પરંતુ આ ઉત્સવ-સમૈયાઓને જગન્નાથપુરી સમજીને પ્રસાદ લેવામાં બાધ નથી.

ભગવાન શ્રીસ્વામિનારાયણે જગન્નાથપુરી વિશે પોતાના એક અલૌકિક અનુભવની વાત વચનામૃતમાં કરી છે,

'ઓગણતેરા કાળમાં અમને એક મહિના સુધી જ્યારે નિદ્રા આવી ત્યારે એમ ભાસતું જે, અમે પુરુષોત્તમપુરીને વિશે જઈને શ્રીજગન્નાથજીની મૂર્તિને વિશે પ્રવેશ કરીને રહ્યા છીએ અને તે મૂર્તિ તો કાષ્ઠની જણાય પણ તેને નેત્રે કરીને અમે સર્વને દેખતા અને પૂજારીનો ભક્તિભાવ તથા છળકપટ સર્વ દેખતા.' (વચ. ગ.પ્ર.૬૮)

વિશિષ્ટ નોંધ :

ઈ. સ. ૨૦૧૬માં જ્યારે અમે દક્ષિણ ભારતની યાત્રાએ ગયા ત્યારે જગન્નાથપુરીના વર્તમાન મહારાજાને ઘરે અમે પધરામણી કરી હતી. એ વખતે મહારાજાએ અમને ભગવાન જગન્નાથજીની બહુ મોટી રાખડી ભેટ આપી હતી, એ રાખડી જોવામાં મોટી પાઘડી જેવી લાગે. આ રાખડી હાલ મેમનગર ગુરુકુલમાં દર્શન માટે રાખવામાં આવી છે.



કથા, વિજ્ઞાન અને કિંવદન્તીઓ !

ભારતવર્ષનાં તીર્થો સાથે કોઈ ને કોઈ પ્રાચીન કથા, કિંવદન્તી અને શિલ્પવિજ્ઞાન જોડાયેલાં છે.

કથા અને કિંવદન્તીઓમાં ભારે અંતર હોય છે. કથાઓમાં ભગવાનનો અકળ લીલાવિહાર હોય છે, એમાં આપણી સમજમાં ન આવે એવો દિવ્યભાવ હોય છે, કથાને આપણે બુદ્ધિના ત્રાજવે તોળી શકતા નથી.

કિંવદન્તીઓમાં માનવની કલ્પનાનો વિહાર હોય છે. એમાં રોચકતા અવશ્ય હોય છે, પરંતુ સત્યનો અંશ નામમાત્રનો હોય છે.

લોકમાનસ 'કિંવદન્તીઓ' ઘડવામાં ભારે કુશળ હોય છે ! એમાં પણ જ્યારે 'કાગડાને બેસવું અને ડાળને ભાંગવું' એવો તાલ સર્જાય ત્યારે કિંવદન્તીરૂપી કલ્પનાપરીઓને આકાશમાં ઊડવાની પાંખો મળે છે.

જેમ જેમ સમય જાય છે તેમ તેમ કથા અને કિંવદન્તીઓ વચ્ચે એવું મિશ્રણ થઈ જાય છે કે બેય વચ્ચેનો ભેદ પારખવો ભારે મુશ્કેલ બને છે.

ભારતવર્ષના અન્ય મંદિરોની જેમ ભગવાન જગન્નાથજીના મંદિર સાથે પણ કથાઓ, કિંવદન્તીઓ અને શિલ્પકલા વિજ્ઞાન જોડાયેલાં છે.

એક વાત એવી સાંભળવા મળે છે કે, મંદિરની ધજા હંમેશાં પવનથી વિપરીત દિશામાં ફરકે છે, પરંતુ જાણકાર લોકો એવું કહે છે કે, જ્યારે કોઈ આપત્તિ આવવાની થાય ત્યારે ધજા પવનથી વિપરીત દિશા પકડે છે, બાકી તો સામાન્ય રીતે જ પવન સાથે ફરકે છે.

બીજી નવાઈની વાત એવી સંભળાય છે કે, સામાન્ય રીતે દિવસમાં હવાની ગતિ દરિયાથી ધરતી તરફ અને સાંજે હવાની ગતિ ધરતીથી સમુદ્ર તરફ હોય છે, પરંતુ જગન્નાથપુરીમાં એથી વિપરીત છે, દિવસે ધરતી તરફની હવા દરિયા તરફ વહે છે અને સાંજે દરિયા તરફની હવા ધરતી તરફ વહે છે. આ વાત પણ પવનની અનિશ્ચિત્તતા સાથે સંબંધ ધરાવે છે, ચમત્કાર સાથે નહીં.

લોકો એક વાત એવી કરે છે કે, ભગવાન જગન્નાથજીનાં મંદિર ઉપરથી ક્યારેય પંખી ઊડતાં નથી, એમ મંદિર માથે પંખી બેસતાં પણ નથી. આ વાત પણ અનુભવથી વિપરીત છે. ભગવાન જગન્નાથજીના મંદિરના આકાશે આંબતા શિખરનો પડછાયો પૃથ્વી ઉપર પડતો નથી. આ વાત શિલ્પવિજ્ઞાન સાથે સંબંધ ધરાવે છે.

કેટલાક લોકો કહે છે કે, ભગવાન જગન્નાથજીના

રસોઈઘરમાં એક ચૂલા ઉપર માટીની સાત હાંડલી ઉપરાઉપરી મૂકવામાં આવે છે, એમાં નીચલી હાંડલીમાં ભાત પહેલાં ચડવો જોઈએ એને બદલે ઉપલી હાંડલીનો ભાત પહેલાં ચડે છે અને નીચલી હાંડલીનો ભાત પછી ચડે છે.

આનું રહસ્ય હાંડલીઓના આકાર-પ્રકારમાં છુપાયેલું છે. ચૂલા ઉપર મુકાયેલી પહેલી હાંડલી મોટી હોય છે અને એમાં કોઈ છિદ્ર નથી હોતાં, ત્યાર પછીની ઉત્તરોત્તર માટલીઓ નાની અને છિદ્રવાળી હોય છે, ઉપરાંત ચૂલાની વ્યવસ્થા એવી છે કે, ચૂલાનો તાપ ઊંચે સુધી પહોંચે છે, ઉપલી હાંડલી નાની અને છિદ્રવાળી હોવાથી એમાં રહેલો ભાત તુરત ચડી જાય છે, નીચલી હાંડલી મોટી હોવાથી ચડતાં થોડી વાર લાગે છે.

એક માન્યતા એવી છે કે, નવી મૂર્તિ બને ત્યારે બ્રહ્મ-પરિવર્તન કરનાર પૂજારી ઝાઝું જીવતા નથી, પરંતુ આ માન્યતાને કોઈ આધાર મળતો નથી. અહીં એક વાત અવશ્ય સમજવા જેવી છે કે, બ્રહ્મ-પરિવર્તનનો લાભ સૌથી અનુભવી અને વૃદ્ધ પૂજારીને મળે છે. વૃદ્ધાવસ્થાને લીધે પૂજારીનું મૃત્યુ થાય એ વાત જુદી છે, પરંતુ બ્રહ્મ-પરિવર્તનને લીધે મૃત્યુ થાય એ વાત આધારવિહોણી છે.

મનુષ્યની શ્રદ્ધા મજબૂત આધાર ઉપર ટકેલી હોવી જોઈએ, પત્તાના મહેલ જેવા નાના-મોટા ચમત્કારો ઉપર નહીં.

સાક્ષીગોપાલની સાક્ષીએ

જગન્નાથપુરીથી સોળ કિ.મી. દૂર એક સુપ્રસિદ્ધ મંદિર છે, જે 'સાક્ષીગોપાલ' મંદિર અથવા તો 'ગદાધર મંદિર'નાં નામે ઓળખાય છે.

ભગવાન સાક્ષીગોપાલની એક સુંદર કથા પ્રસિદ્ધ છે. જગન્નાથપુરીની બાજુના ગામમાં એક વૃદ્ધ પવિત્ર બ્રાહ્મણ રહેતા હતા, તેઓ પૈસેટકે સુખી હતા.

એ જ ગામમાં એક બ્રાહ્મણકુમાર રહેતો હતો, એ પૂર્વનો યોગભ્રષ્ટ જીવ હતો. બ્રાહ્મણકુમાર પૈસેટકે સાવ ગરીબ હતો.

એક વાર વૃદ્ધ બ્રાહ્મણ દેવતાને ગોકુળ-વૃંદાવનની યાત્રા કરવાનું મન થયું. બ્રાહ્મણકુમાર પણ એમની સાથે યાત્રામાં જોડાયા.

બ્રાહ્મણકુમાર યુવાન હતો, દેખાવે ફૂટડો હતો, સ્વભાવે સંસ્કારી અને સેવાભાવી હતો, માર્ગમાં ભારે પ્રેમથી વૃદ્ધ બ્રાહ્મણની સેવા કરતો હતો.

બ્રહ્મદેવ એમની સેવાથી પ્રસન્ન થયા, એમના દિલમાં આ યુવાન વસી ગયો. વૃદ્ધ બ્રાહ્મણને એક દીકરી હતી, બ્રાહ્મણે મનોમન વિચાર કર્યો કે, 'મારી દીકરીને આ સંસ્કારી યુવાન સાથે પરણાવું તો દીકરી સુખી થાય.'

બન્ને જણ પદયાત્રા કરતાં કરતાં વૃંદાવન પહોંચ્યા. અહીં એમણે ભગવાન ગોપાલજીનાં દર્શન કર્યાં, ત્યાર પછી ભગવાન ગોપાલજીની સામે ઊભા રહી વૃદ્ધ બ્રાહ્મણે બ્રહ્મકુમારને વચન દીધું કે, 'ગામ પાછા ગયા પછી મારી દીકરી તારી સાથે પરણાવીશ.' આ સાંભળીને બ્રાહ્મણકુમાર પણ ખૂબ રાજી થયો.

બન્ને જણ યાત્રા કરીને પાછા પોતાને ગામ આવ્યા, વૃદ્ધ બ્રાહ્મણે પોતાના દીકરાઓને બોલાવીને વાત કરી કે, 'મેં આ યુવાનને દીકરી પરણાવવાનું વચન આપ્યું છે.'

બ્રાહ્મણના પુત્રોએ કહ્યું, ''આવા ગરીબ છોકરા સાથે અમે અમારી બહેનને પરણાવવા માગતા નથી!''

યુવાન દીકરાઓ સામે વૃદ્ધ બ્રાહ્મણનું કાંઈ ચાલ્યું નહીં.

પેલા યુવાન બ્રહ્મકુમારે બ્રાહ્મણને એમણે આપેલાં વચનની યાદી અપાવી ત્યારે બ્રાહ્મણના દીકરાઓએ એનું અપમાન કરીને કાઢી મૂક્યો.

હવે બન્યું હતું એવું કે, બ્રાહ્મણની દીકરીના

મનમાં આ બ્રહ્મકુમાર વસી ગયો હતો, એ એની સાથે પરણવા માગતી હતી, પણ જૂના જમાનામાં દીકરીને કોણ પૂછે!

એક બાજુ યુવાન મૂંઝવણમાં મૂકાયો હતો, બીજી બાજુ પેલી દીકરી એકાંતમાં આંસુડાં પાડી રહી હતી.

બ્રહ્મકુમારે ગામના પંચને આ વિવાદનો અંત લાવવા વિનંતી કરી. પંચે વૃદ્ધ બ્રાહ્મણ તથા એના પરિવારને બોલાવ્યો. દીકરાઓના દબાણથી બ્રાહ્મણ જૂઠું બોલ્યો કે, ''અમારે આવી કોઈ વાત થઈ જ નથી!''

પંચ સમજદાર હતું, એમણે યુવાન બ્રહ્મકુમારને કહ્યું કે, ''તમને જ્યારે વચન આપવામાં આવ્યું ત્યારે સાક્ષી તરીકે કોઈ હાજર હતું?''

નિર્દોષ અને ભોળા દિલના બ્રહ્મકુમારે કહ્યું, ''હા, સાક્ષી હતા શ્રીગોપાળ!''

પંચે કહ્યું, ''તો એ સાક્ષીને અહીં બોલાવો! સાક્ષીની વાત સાંભળ્યા પછી અમે નિર્ણય કરીશું.''

બ્રાહ્મણકુમાર વૃંદાવન પહોંચ્યો, ભગવાન ગોપાલજીને હૃદયપૂર્વક પ્રાર્થના કરી, ''હે પ્રભુ! લગ્ન થાય કે ન થાય, પરંતુ હું જૂઠો ઠરું છું, માટે કૃપા કરી આપ સાક્ષી પૂરવા મારી સાથે ચાલો!''

આ ભલાભોળા વિશ્વાસુ ભક્ત ઉપર ભગવાન ગોપાલજી રાજી થયા, એને દર્શન દીધાં અને કહ્યું, ''બ્રહ્મકુમાર ! અમે સાક્ષી પૂરવા તારે ગામ અવશ્ય આવીશું, તું આગળ ચાલ, અમે પાછળ ચાલશું. તને અમારાં ચરણમાં પહેરેલાં નૂપુરનો ધ્વનિ સંભળાતો રહેશે, એના ઉપરથી તને ખ્યાલ આવશે કે અમે પાછળ પાછળ આવી રહ્યા છીએ! પણ એક વાત યાદ રાખજે, ગમે તે થાય પણ પાછું વળીને જોતો નહીં, નહિતર અમે ત્યાં ને ત્યાં ઊભા રહી જઈશું!''

બ્રહ્મકુમાર વૃંદાવનથી ચાલતો થયો. એ આગળ ચાલતો હતો, ભક્તવત્સલ ભગવાન એની પાછળ-પાછળ ચાલતા હતા. ભગવાનનાં ચરણમાં રહેલા નૂપુરનો મધુર ધ્વનિ ચારે તરફ ગુંજી રહ્યો હતો.

બ્રહ્મકુમારનું ગામ થોડે દૂર રહ્યું, ત્યાં ભારે રેતાળ સ્થળ આવ્યું. ગોપાલજીનાં ચરણ રેતીમાં ખૂંતી ગયાં, નૂપુરધ્વનિ બંધ થઈ ગયો. નૂપુરધ્વનિ સંભળાતો બંધ થયો, એટલે બ્રાહ્મણકુમારે કુતૂહલવશ પાછળ જોયું, શરતભંગ થયો, બસ એ જ વખતે ભગવાન ગોપાલજી ત્યાં અર્ચા સ્વરૂપે સ્થિર થઈ ગયા. બ્રાહ્મણકુમારે ખૂબ મહેનત કરી પણ ગોપાલજી આગળ ન ચાલ્યા તે ન જ ચાલ્યા.

આ દિવ્ય ઘટનાની વાત ગામમાં પહોંચી, આખું ગામ ગોપાલજીનાં દર્શને આવ્યું. મૂર્તિમાં બિરાજમાન ગોપાલજીએ કહ્યું, 'આ બ્રાહ્મણ જૂઠો છે, એણે અમારી સમક્ષ આ યુવાનને કન્યા દેવાનો સંકલ્પ કર્યો હતો અને હવે ફરી જાય છે!'

ભગવાનની વાણી સાંભળી સર્વને આશ્ચર્ય થયું. સ્વયં ભગવાને સાક્ષી પૂરી એટલે ગામના પંચને કંઈ કહેવાપણું રહ્યું નહીં. બ્રાહ્મણ પરિવારે પણ વાત સ્વીકાર્યા સિવાય છૂટકો ન હતો. એણે વાજતેગાજતે પોતાની દીકરીને બ્રહ્મકુમાર સાથે પરણાવી.

ભક્તવત્સલ ભગવાને સાક્ષી પૂરી એટલે તેઓ 'સાક્ષીગોપાલ' તરીકે પ્રસિદ્ધ થયા. આજે પણ અહીં

મંદિરોમાં માત્ર હિન્દુઓને પ્રવેશ

ભારતમાં જગન્નાથપુરી વગેરે અનેક હિન્દુ મંદિરો એવાં છે કે જેમાં માત્ર હિન્દુઓને જ પ્રવેશ મળે છે. આ વિષય અંગે ઘણા વાદવિવાદો થાય છે.

અહીં એક વાત સમજી લેવી જોઈએ કે વિશ્વના તમામ ધર્મોમાં પોતાની પરંપરાને અનુસાર વિધિવિધાનો અને નિયમો હોય છે.

ખ્રિસ્તી ધર્મમાં અનેક સ્થાનો એવાં છે, જ્યાં માત્ર ખ્રિસ્તીઓને જ પ્રવેશ મળે છે. ખ્રિસ્તીઓનો એક ફાંટો મોરમન પંથ કહેવાય છે. મોરમન પંથના ચર્ચના મુખ્ય ભાગમાં મોરમન સિવાય બીજા કોઈને પ્રવેશ આપવામાં આવતો નથી.

અમારી વિદેશયાત્રા પ્રસંગે અમે બે-ત્રણ વાર મોરમન ચર્ચોની મુલાકાત વખતે આનો જાતઅનુભવ કર્યો છે.

મુસ્લિમોના મક્કામાં માત્ર મુસ્લિમો જ જઈ શકે છે, બીજાને પ્રવેશ મળતો નથી.

એ જ રીતે ભારતવર્ષનાં અનેક હિન્દુ મંદિરોમાં માત્ર હિન્દુઓને જ પ્રવેશ આપવામાં આવે છે.

હિન્દુ ધર્મ હંમેશાં અન્ય ધર્મોનાં વિધિવિધાનોને આદર આપે છે એ હિન્દુ ધર્મની મહાનતા છે, પરંતુ આશ્ચર્યની વાત એ છે કે જ્યારે હિન્દુ મંદિરનાં વિધિવિધાનોની વાત આવે છે ત્યારે કેટલાક કહેવાતા બૌદ્ધિક 'ઍક્ટિવિસ્ટ' કાગડાઓ એમનું નજીકનું સ્વજન ગુજરી ગયું હોય એમ કાગારોળ મચાવે છે અને આખું ગામ ગજવી મારે છે, પરંતુ જ્યારે હિન્દુ ધર્મ સિવાય બીજા ધર્મની વાત આવે છે ત્યારે એમની કાગારોળ સ્મશાની શાંતિમાં ફેરવાઈ જાય છે

!

નવાઈની વાત તો એ છે કે આ ઍક્ટિવિસ્ટોના હૃદયમાં હિન્દુ મંદિર કે હિન્દુ ધર્મ માટે રંચમાત્ર આસ્થા કે આદર નથી. એમને મંદિરનાં પગથિયાં પણ ચડવાં નથી, એમને તો માત્ર હિન્દુ ધર્મને વગોવવા માટે કાગારોળ જ કરવી છે.

દુ:ખદ વાત એ છે કે, કેટલાક કાચી બુદ્ધિના હિન્દુ લોકો આવી કાગારોળથી પ્રભાવિત થઈ જાય છે અને પોતાને લઘુતાગ્રંથિના પીંજરામાં કેદ કરી બેસે છે.

શબરીમાલાના સંઘર્ષ પ્રસંગે નારીશક્તિના નામે આંદોલનની આગેવાની લેનાર ઍક્ટિવિસ્ટ બાઈ જિંદગીમાં ક્યારેય કોઈ મંદિરનાં પગથિયાં ચડી નહોતી!

એનો માત્ર ને માત્ર એક જ આશય હતો કે, 'સુધારાવાદને નામે સ્ત્રીઓની લાગણીઓ ઉશ્કેરવી અને હિન્દુ ધર્મને બદનામ કરવો.'

ભારતવર્ષમાં હજારો હિન્દુ મંદિરો છે, કોઈ મંદિરમાં બહેનો માટે દર્શનબંધી નથી, જ્યારે શબરીમાલાની પરંપરા કંઈક જુદી છે. જો સ્હેજ પણ વિવેકબુદ્ધિ હોય તો એ પરંપરાને આદર આપવો જોઈએ.

ભારતમાં જ હિન્દુ ધર્મ સિવાય બીજા ધર્મના કેટલાંય સ્થાનો છે, જ્યાં સ્ત્રીઓને પ્રવેશ મળતો નથી, આ બાઈના હૈયામાં ત્યાં જઈને આંદોલન કરવાની હિંમત છે? હિન્દુ મંદિરમાં પ્રવેશ માટે નિયમ શા માટે બન્યા, એનો વિચાર કરવો જરૂરી છે. એકધારાં એક હજાર વર્ષથી વિધર્મીઓ હિન્દુઓનાં આસ્થાકેન્દ્રો ઉપર પ્રહારો કરતાં રહ્યા છે.

માત્ર જગન્નાથપુરીનો ઇતિહાસ જોઈએ તો જણાય છે કે આ મંદિર ઉપર વિધર્મીઓએ અઢાર-ઓગણીસ વખત આક્રમણ કર્યું છે.

આ વિધર્મીઓ વારંવાર રાક્ષસી સેનાઓ સાથે મંદિરો લૂંટતા રહ્યા છે, મૂર્તિઓ ભાંગતા રહ્યા છે, હિન્દુઓની કત્લેઆમ મચાવતા રહ્યા છે, એટલું જ નહિ, એમણે હિન્દુ સ્ત્રીઓ અને બાળકો ઉપર બળાત્કારો કરવામાં કાંઈ બાકી રાખ્યું નથી.

હિન્દુસ્તાનના હિન્દુઓ લગભગ એક હજાર વર્ષથી આ બધું લાચારીથી જોતા આવ્યા છે અને એટલે જ કેટલાક નિયમો ઘડાયા છે.

જે વિધર્મીઓના હૃદયમાં મંદિર પ્રત્યે ઘોર વિદ્વેષ છે, જેમના હૃદયમાં હિન્દુ દેવી-દેવતાઓ પ્રત્યે રંચમાત્ર શ્રદ્ધા નથી, જે લોકો મૂર્તિપૂજકને બદલે મૂર્તિભંજક છે, એવા લોકોને મંદિરમાં પ્રવેશ કરવા દેવાનો શો અર્થ છે?

આવા લોકો મંદિરમાં આવીને મંદિરની પવિત્રતાનો ભંગ નહિ કરે, મંદિરમાં બિરાજતાં દેવી-દેવતાઓનો અનાદર નહિ કરે, એની શી ખાતરી?

હકીકત એ છે કે, સામ્યવાદના રંગે રંગાયેલા એક્ટિવિસ્ટ રૂપી એકાક્ષી કાગડાઓ માત્ર એક આંખથી જ જોઈ શકે છે અને એમની એ આંખ પૂર્વગ્રહથી દૂષિત છે.

એમની પાસે વિવેકની બીજી આંખ હોવી જોઈએ, પરંતુ લાગે છે કે કુદરતે એમની એ આંખ છીનવી લીધી

■■■

ચંદ્રાવળા - ત્રિભુવનભાઈ વ્યાસ

મશાલચી

સંત પ્રભુના મશાલચી છે,
દેખાડે ધામનું બારું,
પણ જો પંડે આડા બેસે તો,
થઈ જશે આધારું,
થઈ જશે આધારું તે કેવું?
તો પરંપરામાં ચાલે એવું!
કહે કોવિંદરામ માયા મચી છે
સંત પ્રભુના મશાલચી છે
દેખાડે ધામનું બારું.

"ગુરુ ગોવિંદ દોનું ખડે, કિસકો લાગું પાય,
બલિહારી ગુરુ આપકી, ગોવિંદ દીયો બતાય."

ઉપરની રચનામાં સદ્‌ગુરુને ઈશ્વર કરતાં પણ એક ડગલું આગળ મૂકવામાં આવ્યો છે, કારણ કે જો ગુરુ ન હોય તો માણસ ગોવિંદ સુધી પહોંચી શકતો નથી. એવી જ રીતે પ્રસ્તુત ચંદ્રાવળામાં કવિએ સંતને ભગવાનના મશાલચીની ઉપમા આપી છે.

જો સંત જ્ઞાનની મશાલ પ્રગટાવીને અજ્ઞાનના અંધકારને દૂર કરે, તો અને તો જ ઈશ્વરનાં દર્શન થઈ શકે તેમ છે.

ગુરુનાં ચરણની રજ આંખમાં આંજવાથી ઈશ્વરનાં દર્શન માટે દૃષ્ટિ ખૂલે છે.

અહીં કવિ એક ભયસ્થાન પણ બતાવે છે. સંતરૂપી મશાલચી જો આડા ચાલે, તો ઈશ્વર અને ભક્ત વચ્ચેની આડશ બની જાય છે. તો એ જ મશાલચી શ્રદ્ધાના અજવાળાના બદલે અંધશ્રદ્ધાનું અંધારું ફેલાવી શકે છે. માટે જે ધર્મનું બારું અને ધામનું બારું દેખાડે એ જ સાચા મશાલચી છે, અન્ય લાલચી છે.

■■■

સ્વચ્છતા રાષ્ટ્રધર્મ છે

- ભાણદેવજી

એક નાનું ગામ હતું. તે ગામમાં લક્ષ્મીજીના એક ભક્ત રહેતા હતા. એક વાર ગ્રામજનોએ તે ભક્ત મહારાજને વિનંતી કરી.

"મહારાજ! આપ લક્ષ્મીજીના ભક્ત છો. આપની પ્રાર્થના લક્ષ્મીજી અવશ્ય સ્વીકારશે. આપ અમારા વતી લક્ષ્મીજીને પ્રાર્થના કરો કે લક્ષ્મીજી અમારા ઘેર પધારે!"

થોડા દિવસો પછી તે ભક્તરાજે ગ્રામજનોને કહ્યું :

"આવતી પૂર્ણિમાની રાત્રિએ તમારાં સૌને ઘરે લક્ષ્મીજી પધારશે. તમારાં સૌના ઘર વાળીચોળીને સાફ રાખજો, કારણ કે જ્યાં ગંદકી હોય ત્યાં લક્ષ્મીજી ન પધારે!"

સર્વ ગ્રામજનોએ પોતાના ઘર વાળીચોળીને ખૂબ સ્વચ્છ બનાવ્યાં. એક પણ ઘરમાં સહેજ પણ કચરો કે ગંદકી ન રહી. ગ્રામજનોએ પોતાના ઘરનો બધો જ કચરો શેરીઓમાં ઠાલવ્યો. ગામની શેરીઓ અને પાદર કચરાથી ભરાઈ ગયાં. સૌના ઘર તો સ્વચ્છ છે, પરંતુ ગામની શેરીઓ અને પાદરમાં કચરાના ઢગલા પડ્યા છે.

પૂર્ણિમા આવી. રાત્રિએ નિર્ધારિત સમયે લક્ષ્મીજી પધારે છે. લક્ષ્મીજીએ જોયું કે પાદરમાં કચરાના ઢગલા પડ્યા છે. લક્ષ્મીજીએ જોયું કે ગામની શેરીઓમાં કચરાના ઢગલા પડ્યા છે. લક્ષ્મીજી વિચારે છે: જે ગામમાં આટલો કચરો છે, જે ગામમાં આટલી ગંદકી છે, તે ગામમાં જવું કેવી રીતે? લક્ષ્મીજી પરત ચાલ્યાં ગયાં.

બીજા દિવસે ગ્રામજનોએ લક્ષ્મીજીના તે ભક્તરાજ સમક્ષ ફરિયાદ કરી : "આપે તો કહ્યું હતું કે પૂર્ણિમાની રાત્રિએ લક્ષ્મીજી અમારા ઘરે પધારશે. અમે સૌએ અમારા ઘર ખૂબ સ્વચ્છ બનાવી રાખ્યાં હતાં, પરંતુ લક્ષ્મીજી તો ન આવ્યાં!"

ભક્તરાજ ઉત્તર આપે છે : "તમે તમારા ઘર તો સ્વચ્છ રાખ્યાં હતાં, પરંતુ તમે તમારા ઘરનો કચરો ગામની શેરીઓમાં અને ગામના પાદરમાં ઠાલવ્યો હતો. લક્ષ્મીજી તો આવ્યાં હતાં, પરંતુ ગામના પાદરમાં અને શેરીઓમાં કચરાના ઢગલા જોઈને પાછા ચાલ્યાં ગયાં!"

આપણું ઘર જ સ્વચ્છ હોય તેટલું પર્યાપ્ત નથી. આપણી શેરી પણ સ્વચ્છ રાખવી જોઈએ. આપણું ગામ કે આપણું શહેર પણ સ્વચ્છ રાખવું જોઈએ. અરે! આપણો સમગ્ર દેશ સ્વચ્છ રાખવો જોઈએ!

જે ગામની શેરીમાં કચરો હોય તે ગામમાં લક્ષ્મીજી ન પધારે! અરે! જે દેશ સ્વચ્છ ન હોય, જે દેશમાં કચરો હોય તે દેશમાં પણ લક્ષ્મીજી ન પધારે!

આપણું ઘર, આપણી શેરી, આપણું ગામ, આપણું શહેર અને આપણો દેશ સ્વચ્છ અને સ્વચ્છ જ રહેશે તો શું થશે?

આટલું કરો :

(૧) આપણા દેશજનોને અનેક રોગોમાંથી મુક્તિ મળશે એ તો સર્વવિદિત છે કે ગંદકીથી રોગ ફેલાય છે અને સ્વચ્છતાથી આરોગ્ય જળવાય છે.

(૨) આપણી આંખને ગમશે. આંખને સ્વચ્છતા ગમે છે, ગંદકી નહીં. આપણી ચારેય બાજુ બધું સ્વચ્છ જોઈને આપણી આંખોને ટાઢક અનુભવાશે!

(૩) આપણા દેશની આબરુ વધશે અને જળવાશે. આપણો ભારતદેશ અધ્યાત્મનો દેશ છે. અધ્યાત્મનું કેન્દ્ર છે. અધ્યાત્મની શોધમાં વિશ્વભરના લોકો આપણા ભારતદેશમાં આવે છે, પરંતુ ચારેય બાજુના કચરાના ઢગલા અને ગંદકી જોઈને મોં મચકોડે છે. દેશની આબરુના ધજાગરા થાય છે. સ્વચ્છ ભારત જોઈને આ આગંતુક મહેમાનો પ્રસન્ન થશે અને ભારતની આબરુ વધશે અને જળવાશે.

(૪) લક્ષ્મીજી જ્યાં સ્વચ્છતા હોય ત્યાં પધારે છે. આપણા સ્વચ્છ દેશને જોઈને લક્ષ્મીજી પ્રસન્ન થશે અને પ્રસન્ન લક્ષ્મીજી અહીં પધારશે અને રહેશે!

સ્વચ્છતા નહીં હોય અને ગંદકી હશે તો? તો શું થશે? તો આથી ઊલટું થશે, અર્થાત્ રોગ થશે, આંખોને કષ્ટ થશે. દેશની આબરુ જશે અને લક્ષ્મીજી પાછાં ચાલ્યા જશે!

પ્રત્યેક નાગરિક માટે રાષ્ટ્રધર્મ હોય છે. પ્રત્યેક નાગરિકે આ રાષ્ટ્રધર્મનું પાલન કરવું જોઈએ. ઘરને, શેરીને, નગરને અને સમગ્ર દેશને સ્વચ્છ રાખવો તે આપણો રાષ્ટ્રધર્મ છે અને દેશમાં ગંદકી કરવી તે રાષ્ટ્રદ્રોહ છે, સમાજદ્રોહ છે અને રાષ્ટ્રદ્રોહ કે સમાજદ્રોહ કરનારને રાષ્ટ્રદેવતા સજા કરશે જ!

ગંદકી કરવી કે ચલાવવી તે અશિષ્ટ માનસનું લક્ષણ છે.

અને સ્વચ્છતા જાળવવી તે શિષ્ટ માનસનું લક્ષણ છે. આપણે વિચારવું જોઈએ કે આપણે ક્યાં છીએ? આપણે શું છીએ?

આપણા દેશને સ્વચ્છ રાખવા માટે આપણે શું કરી શકીએ? આપણે આટલું કરી શકીએ અને આટલું અવશ્ય કરવું જોઈએ:

(૧) હું મારા ઘરને સ્વચ્છ રાખીશ.

(૨) હું મારી શેરી, ગામ, નગર અને દેશને સ્વચ્છ રાખવામાં યથાશક્ય સહાયભૂત થઈશ.

(૩) હું મારા ઘરનો કચરો શેરીમાં નહીં ફેંકું, પરંતુ તે માટે નિયત કરેલ કચરાપેટીમાં જ મૂકીશ.

(૪) હું વેપારી હોઈશ તો મારી દુકાનનો કચરો બહાર નહીં ફેંકું. હું કચરાપેટી અવશ્ય રાખીશ અને સૌ તેનો ઉપયોગ કરે તેવો આગ્રહ રાખીશ.

(૫) હું મારો આશ્રમ, દુકાન, ઑફિસ કે કારખાનું અવશ્ય સ્વચ્છ રાખીશ અને મારે કારણે અન્યત્ર ગંદકી ન થાય તેની કાળજી રાખીશ.

(૬) હું રસ્તા પર રેલવેસ્ટેશન પર, એરપોર્ટ પર, બગીચામાં કે કોઈ પણ જાહેર સ્થળ પર કચરો કચરાપેટીમાં જ નાખીશ.

(૭) હું યાત્રા દરમિયાન મોટરમાંથી, બસમાંથી કે રેલવેના ડબ્બામાંથી કચરો રસ્તા પર નહીં જ ફેંકું.

(૮) કોઈ પણ જાહેર જગ્યાએ કચરો હશે તો શક્ય હશે ત્યારે હું તે કચરો કચરાપેટીમાં નાખીશ.

(૯) સ્વચ્છતા અભિયાનના કાર્યક્રમો હું યથાશક્ય સહાયભૂત થઈશ, ભાગીદાર થઈશ.

(૧૦) હું મારા પરિવારજનોને, મિત્રોને, વિદ્યાર્થીઓને, સહકાર્યકરોને આપણા દેશને સ્વચ્છ રાખવામાં સહાયભૂત થવા સમજાવીશ, પ્રેરણા આપીશ અને તેઓ પણ તેમ કરે તેમ સૂચવીશ.

ભગવાન પતંજલિ 'યોગસૂત્ર' માં અષ્ટાંગયોગની સાધનાપદ્ધતિ બતાવે છે. આ અષ્ટાંગયોગના આઠ સોપાનમાં દ્વિતીય સોપાન છે: નિયમ. નિયમો પાંચ છે.

शौचसन्तोषतपः स्वाध्यायेश्वरप्रणिधानानि नियमाः ।

– योगसूत्रः २-३२

"શૌચ, સંતોષ તપ, સ્વાધ્યાય, ઈશ્વરપ્રણિધાન - આ પાંચ નિયમો છે."

આ પાંચ નિયમોમાં પ્રથમ નિયમ છે શૌચ.

શૌચ બે પ્રકારના છે: આંતરિક શુચિતા અને બાહ્ય સ્વચ્છતા.

આમ 'યોગવિદ્યા' જેવા અધ્યાત્મપથમાં પણ સ્વચ્છતાનો મહિમા ગવાયો છે.

આપણે સ્વચ્છતાના મહિમાને ભૂલી ગયા છીએ. પુનઃ યાદ કરીએ!

મહાત્મા ગાંધીજીએ કહ્યું છે:

"સ્વચ્છતા પ્રભુતા પછી દ્વિતીય ક્રમે આવતું મહિમાવંતુ વ્રત છે."

'ઋગ્વેદ'ના 'શ્રીસૂક્ત'માં એક મંત્ર છે:

उपैतु मां देवसखः कीर्तिश्च मणिना सह।
प्रादुर्भतोऽस्मि राष्ट्रेऽस्मिन् कीर्तिमृद्धिं ददातु मे ॥

– ऋग्वेदः खिलकांडः ११-७

"હે ભગવતી શ્રીદેવી! મહાદેવના મિત્ર કુબેર (દેવોના ખજાનચી - કુબેર ભંડારી) કુબેરના મિત્ર મણિભદ્ર અને દક્ષ પ્રજાપતિની પુત્રી કીર્તિ મને પ્રાપ્ત થાઓ. (અર્થાત્ મને ધન અને યશની પ્રાપ્તિ થાઓ.) હું આ ભારતરાષ્ટ્રમાં જન્મ્યો છું. મને કીર્તિ અને સર્વ સૌભાગ્ય-સમૃદ્ધિ પ્રદાન કરો."

અહીં ઋષિ આપણા દેશ - ભારતવર્ષ માટે સમૃદ્ધિની માગણી કરે છે. જગદંબા પાસે સમૃદ્ધિની માગણી કરે છે. જગદંબા સમૃદ્ધિ લઈને પધારે તે પહેલાં જગદંબા આપણી પાસે શું માગે છે?

સ્વચ્છતા ! સ્વચ્છતા ! સ્વચ્છતા!

વર્તમાન ભારતનો રાષ્ટ્રીય મંત્ર છે:

"અમે સ્વચ્છ રહેશું અને અમારા દેશને સંપૂર્ણ સ્વચ્છ બનાવીશું અને સંપૂર્ણ સ્વચ્છ રાખીશું!"

અમારું ધ્યેય છે - સ્વચ્છ ભારત! નિર્મળ ભારત! સુંદર ભારત!

■■■

સત્સંગ ક્વિઝ - 3

1.	2.	3.		■	4.	■	■	5.
6.			■	7.		8.		
	■		■	9.			■	
10.	11.				■	■	■	
■		■	■	■	12.	13.	14.	
■	15.		16	17.	■	18.		■
19.		■	20.		21.	■	22.	23.
■		■		■	24.	25.	■	
26.		■	27.				■	

આડી ચાવીઓ

1. પૂજ્ય શાસ્ત્રીજી મહારાજનું જન્મ સ્થળ. (૪)
6. તમે મીઠુ બોલીને મન લીધું રે મીઠડા બોલાજી સૂણ વાત કહું એક સજની રે.....રેલ્યો છે. (૩)
7. વડતાલ મંદિરના સૌપ્રથમ મહંત. (૫)
8. ....પહેલા મળવું છે, તમને એવું ધાર્યું છે મે હરિજી મને. (૩)
10. સમુદ્રમંથનમાં ઉપયોગી થયેલ પર્વત. (૫)
12. ભવ સંભવ ભીતિ ભેદનં.....સ્તુતિનાં રચયિતા (૪)
15. રામપ્રતાપભાઈના મોટા દિકરા. (૪)
18. લાગવગ, ઓળખાણ. (૨)
19. રાજાના ચાર ઉપાય માહેલુ એક. (૨)
20. ઉત્તમ આજ મનુષ્ય ..... આવ્યો, ગાફલ તે તો એળે ગુમાવ્યો. (૩)
22. ત્રણ તત્ત્વ અનાદિના છે તેમાંથી એક. (૨)
24. દિશાનો સમાનાર્થી સંસ્કૃત શબ્દ. (૨)
26. વચ.ગ.પ્ર.પ્ર.૭૬માં મહારાજ કહે.....ભક્તનો તો અમારે કોઈ કાળે વિશ્વાસ જ નથી (૨)
27. શ્રી ઘનશ્યામ મહારાજના નાના ભાઈ. (૪)

ઉભી ચાવીઓ

1. ધર્મદેવનું ત્રિકોણીયું ખેતર હતું તે ગામ જ્યાં ઘનશ્યામ મહારાજે ચીભડિનાં વેલાની લીલા કરેલ છે. (૪)
2. દૈવી જીવ તે હૃદયમાં ઊતારેને .....માં વ્યાપી જાય. (૨)
3. મુક્તાનંદ સ્વામીએ વિદ્વાનોની સભા જીતી તે ગામ. (૪)
4. આપણે અંતે .....ધામ જાવું છે, તે દૃઢતા રાખવી. (૩)
5. સનાતન ધર્મનાં મુખ્ય ચાર ધામ માહેલું એક. (૫)
7. સાધુ રામ.....રંગ રાતે અંત કદપ બીતે એહી પીતે. (૩)
8. બે કરનાં તળા છે.....જોતા કરે ભવપાર રે. તે તળા માંહિ રેખાઓ જરી છે શ્યામ રે. (૨)
11. સાંજનો થાળ - રૂડી રાંધી મે.... આ થાળના રચયિતા. (૬)
13. ભગવાનના પ્રતાપે કરીને પોતાનું કલ્યાણ ઈચ્છે છે તે તો જેમ.....માં બેસીને સમુદ્ર તરવો તેવો ડાહ્યો છે. ગ.પ્ર.(૨)
14. ગામ રાજુલાના સોની ભક્તરાજ. (૩)
16. જેને અગ્નિદેવ સ્પર્શ ન કરિ શક્યા, તેવા વાંકિયા ગામનાં સ્ત્રી ભક્તરાજ. (૪)
17. .....જિત્યું તેણે સર્વ જગત જિત્યું. સા.પ્ર.૧. (૨)
21. .....ને ભાંગ્ય રૂપ જે પ્રમાદને મોહ તે ભગવાનના ભક્તને પણ નડે. સા.પ્ર.૧૪. (૩)
23. વહેલાલ ગામના..... બા, જેસંગભાઈનાં બહેન. (૩)
25. કમ ખાઓ, ... ખાઓ, નમ જાઓ. (૨)

સત્સંગ ક્વિઝ - 2 ના જવાબ

1. દિલીપભાઈ લાલજીભાઈ ચાવડા - મેમનગર, અમદાવાદ.
2. જયશ્રીબેન જગદીશભાઈ મહેતા - માટુંગા મુંબઈ. (II)
3. શુશીલભાઈ જી. પટેલ - બાયડ.
4. વજુભાઈ સખીયા - રાજકોટ.
5. ચંદ્રકાંત શાંતિલાલ શાહ મેમનગર, અમદાવાદ. (II)
6. ચંદ્રસિહ એમ. રાઠોડ - રાણીપ અમદાવાદ.
7. ચિરાગ અરવિંદભાઈ પટેલ - નાગપુર મહારાષ્ટ્ર
8. મંગલાબેન બાલુભાઈ જાગાણી - ફટસર
9. કોકીલાબેન મનુભાઈ પટેલ - અમદાવાદ. (II)
10. સુષ્મા નવિનભાઈ દવે, શિકાગો, અમેરિકા.
11. ચંદ્રસિંહ. એમ. રાઠોડ, રાણીપ, અમદાવાદ.
12. ચારુ ભદ્રેશભાઈ ઠક્કર, ઘાટકોપર, મુંબઈ.
13. રમેશભાઈ કે. કાવર (પ્રધાનાચાર્ય) , રાજકીય સં.પા.
14. ભુપેન્દ્રભાઈ જશભાઈ પટેલ, સિંજીવાડા
15. ઈશાબેન પાર્થભાઈ પટેલ, મેમનગર, અમદાવાદ. (II)
16. કેવીનભાઈ કિશોરભાઈ લાડાણી, જૂનાગઢ.
17. રવિભાઈ નવનીતરાય સોની, બોટાદ. (II)
18. વિમળાબેન લવજીભાઈ સુતરીયા, સુરત.
19. ચંદ્રિકાબેન વિ. પટેલ, મેમનગર અમદાવાદ.
20. મુક્તાબેન ધનશ્યામભાઈ મોટકા, થોરીમુબારક, વિરમગામ.
21. ભાવનાબેન વિનુભાઈ દુધાત, વાપિ. (II)
22. મંગલાબેન બાલુભાઈ જાગાણી, ફટસર.
23. ઉર્વશીબેન વૈભવભાઈ દુધાત, વડોદરા.

1 રા	2 ધા	ર	3 મ	ણ	■	4 ફૂ	લી	■
5 જ	મ	■	ચા	■	6 ક	ર	ણી	7 બા
કો	■	8 સુ	રા	ખા	ચ	ર	■	ર
ટ	■	9 દા	મ	■	રા	■	10 પા	પ
■	11 ઉ	મા	■	12 અ	ભ	13 ય	■	ટો
14 છા	પ	■	15 ઢ	■	16 ગ	મ	■	ળી
■	17 ની	જ	■	18 જે	ત	પુ	19 ર	■
20 વિ	ષ	■	21 તા	રા	■	22 રિ	સ	■
23 ભા	દ	રા	■	24 મ	ન	■	25 ના	થ

સમાચાર દર્શન

આમ્રોત્સવ

શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ અમદાવાદ ખાતે તારીખ ૧ મે, ૨૦૨૫ના રોજ ભવ્ય આમ્રોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. પરમ પૂજ્ય સ્વામીજીના આશીર્વાદ, પરમ પૂજ્ય સદ્‌ગુરુ પુરાણી શ્રી બાલકૃષ્ણદાસજી સ્વામીની પ્રેરણાથી યોજાયેલો આ ઉત્સવ ભક્તિ, સેવા અને સંસ્કારના સુભગ સમન્વયનું ઉત્તમ ઉદાહરણ બન્યો હતો.

આ આવસરે ભગવાન શ્રીહરિને ગુજરાતની પ્રખ્યાત ૮,૦૦૦ કિલો ઉપરાંત કેસર કેરી ભક્તિપૂર્વક ધરાવવામાં આવી હતી. આ કેવળ ભગવાનને ધરાવવાનો ભોગ નહોતો, પરંતુ ભક્તિભાવ અને સમાજસેવા સાથે સંકળાયેલ એક મહાપર્વ હતું. આ ભક્તિકાર્ય પાછળનો મુખ્ય હેતુ ભગવાનને ભક્તિપૂર્વક ભોજન અર્પણ કરવા ઉપરાંત સમાજના દરેક વર્ગને પ્રસાદસેવા દ્વારા જોડવાનો હતો. આ તમામ કેરીનો પ્રસાદ અમદાવાદ શહેરના નાની આવક ધરાવતા પરિવારો, અનાથ બાળકો અને વૃદ્ધાશ્રમોમાં પહોંચાડવામાં આવ્યો હતો. આ ભગીરથ વિતરણ કાર્યમાં ગુરુકુલના સેંકડો સ્વયંસેવકોએ અત્યંત ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો અને ઉત્કૃષ્ટ વ્યવસ્થાપન પૂરું પાડ્યું હતું. સ્વયંસેવકોએ ઝુંપડાઓમાં, રસ્તા ઉપર રહેનારા, વિવિધ સંસ્થાઓમાં આ પવિત્ર પ્રસાદનું વિતરણ કર્યું હતું, જેનાથી અનેક લોકોના ચહેરા ઉપર ખુશી છવાઈ હતી.

આ ઉત્સવ ભક્તિ અને સેવા સાથે સંસ્કારનું અનોખું મિશ્રણ દર્શાવતો હોવાથી સૌની વાણીમાં પ્રશંસાનું કેન્દ્ર બન્યો હતો. આવા કાર્યક્રમો દ્વારા યુવાપેઢીમાં ભક્તિ, કરુણા અને સમાજ પ્રત્યે જવાબદારીની ભાવના વિકસે છે, જે વર્તમાન સમયમાં અત્યંત આવશ્યક છે. આ આમ્રોત્સવ ખરેખર નામ પ્રમાણે જ સમાજ માટે એક અમૃત સમાન બન્યો હતો, જેણે આધ્યાત્મિક ઉન્નતિની સાથે સાથે સામાજિક સદ્‌ભાવનાનો પણ સંદેશ આપ્યો હતો.

અમદાવાદ ગુરુકુલ ઉપરાંત રીબડા ગુરુકુલ શ્રી ઘનશ્યામ મહારાજ સમક્ષ એક હજાર કિલો ઉપરાંત કેરી ધરાવવામાં આવી હતી તથા SGVP ગુરુકુલમાં પણ ભગવાન રામ-શ્યામ-ઘનશ્યામ મહારાજ સમક્ષ એક હજાર કિલો કેરીનો આમ્રોત્સવ ઉજવાયો હતો. આ તમામ પ્રસાદ કેમ્પસના કર્મચારીઓને

જ્યેષ્ઠા અભિષેક

અષાઢ સુદ બીજ, જેને રથયાત્રાના પવિત્ર દિવસ તરીકે ઓળખવામાં આવે છે, તે પહેલા આવતી જેઠ સુદ પૂનમથી પંચમી સુધીના સમયગાળા દરમિયાન જેષ્ઠા નક્ષત્રમાં જગન્નાથ ભગવાનનો જ્યેષ્ઠાભિષેકનું વિશેષ આયોજન કરવામાં આવે છે. આ પરંપરા અનુસાર, જ્યાં જ્યાં ભગવાન જગન્નાથ બિરાજમાન હોય છે તે મંદિરોમાં આ દિવ્ય અભિષેક યોજાય છે. આ જ અનુસંધાનમાં, અમદાવાદ ગુરુકુલ ખાતે પણ ભગવાન જગન્નાથના ભવ્ય અભિષેકનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં મોટી સંખ્યામાં ભક્તજનોએ ભાગ લીધો હતો.

આ દિવ્ય કાર્યક્રમનો પ્રારંભ ભવ્ય જળયાત્રાથી થયો હતો, જેમાં પાંચસો કરતાં વધુ બહેનોએ માથે પવિત્ર તીર્થોના જળના કુંભ ધારણ કરી જળયાત્રા કાઢી હતી. આ દ્રશ્ય ભક્તિ અને શ્રદ્ધાથી ભરપૂર હતું, ઉપસ્થિત સૌ ભક્તોના હૃદયમાં આધ્યાત્મિક ભાવના જગાડી હતી.

પરમ પૂજ્ય બાલકૃષ્ણદાસજી સ્વામી તથા પરમ પૂજ્ય હરિસ્વરૂપદાસજી સ્વામીના પાવન સાનિધ્યમાં ભગવાન જગન્નાથજી, બલભદ્રજી તથા સુભદ્રાજીનો ભવ્ય અભિષેક સંપન્ન થયો હતો. આ અભિષેકમાં ગંગાજળ, વિવિધ તીર્થોના પવિત્ર જળ, ઔષધીય જળ, પંચામૃત અને અન્ય દ્રવ્યોનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. દર્શનમ્ સંસ્કૃત મહાવિદ્યાલયના આચાર્યશ્રીઓ તથા ઋષિકુમારો દ્વારા વૈદિક મંત્રોચ્ચાર સાથે શાસ્ત્રોક્ત વિધિ અનુસાર અભિષેક સંપન્ન કરાવવામાં આવ્યો હતો.

આ અવસરે ઉપસ્થિત ભક્તજનોએ શ્રદ્ધાપૂર્વક દિવ્ય અભિષેકનાં દર્શન કરી ધન્યતા અનુભવી હતી. અષાઢી બીજના આગમન પૂર્વે યોજાયેલ આ જ્યેષ્ઠા અભિષેક ગુરુકુલના આધ્યાત્મિક વાતાવરણને વધુ પવિત્ર બનાવ્યું હતું અને ભક્તોમાં ઉત્સાહ અને શ્રદ્ધાનો સંચાર કર્યો હતો.

ભજન પર્વ

તારીખ ૪ થી ૮ જૂન, ૨૦૨૫ (જેઠ સુદ નવમીથી જેઠ સુદ બારસ) સુધી અમદાવાદ ગુરુકુલ ખાતે આયોજિત પંચદીનાત્મક ભજન પર્વનું ભક્તિસભર આયોજન કરવામાં આવ્યું હતું. આ પાંચ દિવસીય આધ્યાત્મિક ઉત્સવનો મુખ્ય ઉદ્દેશ્ય ભક્તોના હૃદયમાં સુખ-શાંતિની સ્થાપના કરવાનો અને ભગવાનના દિવ્ય સુખની પ્રાપ્તિ કરાવવાનો હતો. પરમ પૂજ્ય સ્વામીજીની પ્રેરણા તથા પરમ પૂજ્ય સદ્ગુરુ પુરાણી શ્રી બાલકૃષ્ણદાસજી સ્વામી, પરમ પૂજ્ય સદ્ગુરુ પુરાણી શ્રી હરિસ્વરૂપદાસજી સ્વામીના સાંનિધ્યમાં આ સમગ્ર આયોજન યોજાયું હતું.

હરિજયંતિના પવિત્ર દિવસે પ્રારંભ થયેલા ભજનપર્વની શરૂઆત ભગવાનનાં રાજોપચાર પૂજનથી કરવામાં આવી હતી. આ ઉપરાંત નિત્ય વંદુના પાઠ, જનમંગલ સ્તોત્રના પાઠ, અખંડ ધૂન, શ્રીહરિ અંતર્ધાન લીલા ઉત્સવ જેવા આયોજનો કરવામાં આવ્યાં હતાં.

આ પાંચ દિવસીય ભજન પર્વ દરમિયાન દરરોજ સવાર-સાંજ સંતો દ્વારા થતી કથાવાર્તાથી ભક્તોએ આધ્યાત્મિક ઉન્નતિનો અનુભવ કર્યો હતો. આ પંચદીનાત્મક ભજન પર્વ દ્વારા ભક્તોને દૈનિક જીવનની ભાગદોડમાંથી મુક્તિ મળી અને આધ્યાત્મિક શાંતિનો અનુભવ થયો.

રીબડા ગુરુકુલ

- ચપ્પલ વિતરણ : રીબડા, વાવડી અને મવડી ગુરુકુલના સહયોગથી રાજકોટ શહેર અને આસપાસના વિસ્તારોમાં રહેતા એક હજાર જરૂરિયાતમંદ બાળકોને ચપ્પલ વિતરણ કરવામાં આવ્યાં હતાં.

- બાલ સત્સંગ શિબિર : રાજકોટ નજીકના વિસ્તારોના બાળકો માટે આયોજન કરાયેલ બાલ સત્સંગ શિબિરમાં ૨૭૫થી વધુ બાળકો જોડાયા હતા. શિબિરમાં ધાર્મિક શિક્ષણ, વિવિધ રમતો તથા સામૂહિક પ્રવૃત્તિઓ દ્વારા બાળકોના સર્વાંગી વિકાસ માટે સુંદર આયોજન કરાયું હતું.

- પદયાત્રા : શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ મેમનગરના સુવર્ણ જયંતિ મહોત્સવ અંતર્ગત ભીમ એકાદશીના પાવન દિવસે શ્રી સ્વામિનારાયણ મંદિર, રાજકોટથી શ્રી સ્વામિનારાયણ મંદિર, મવડી સુધી પદયાત્રાનું આયોજન કરવામાં આવ્યું. જેમાં હરિભક્તો, સંતો અને વિદ્યાર્થીઓ ભક્તિપૂર્વક સહભાગી થયા હતા.

- સહજાનંદ ક્રિકેટ લીગ : SGVP રીબડા ગુરુકુલના હરિયાળા ગ્રાઉન્ડ ખાતે સહજાનંદ પ્રિમીયમ લીગ તથા સહજાનંદ કોર્પોરેટ લીગ અંતર્ગત રાત્રિ ક્રિકેટ ટૂર્નામેન્ટ યોજાઈ હતી. આસપાસના ગામડાઓના હરિભક્તો અને વિવિધ કંપનીઓના કર્મચારીઓએ ઉત્સાહ સાથે આ આયોજનમાં ભાગ લીધો.

- વૃક્ષારોપણ : સંતો અને વિદ્યાર્થીઓ દ્વારા વિશ્વ પર્યાવરણ દિવસે વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. આ સેવાયજ્ઞ દ્વારા **"Every Child a Green Warrior"**નો ભાવ વ્યક્ત થયો અને પર્યાવરણીય સંવેદનશીલતાનો સંદેશ આપ્યો.

- શાળાનું ઉદ્ઘાટન : SGVP ગુરુકુલ વાવડી ખાતે ધોરણ ૧ થી ૫ ની આધુનિક શિક્ષણ પદ્ધતિ યુક્ત શાળાનો શુભારંભ કરવામાં આવ્યો છે. બાળકનાં ભવિષ્યનાં ઘડતરની દિશામાં આ શાળા એક મહત્વપૂર્ણ પગલું સાબિત થશે.

- આમ્રકૂટ મહોત્સવ : રીબડા ગુરુકુલ ખાતે શ્રી ઘનશ્યામ મહારાજ સમક્ષ ભવ્ય આમ્રકૂટ મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ભગવાનને ધરાવેલ એક હજાર કિલો કેરીઓના પ્રસાદનું વિતરણ જરૂરિયાતમંદ પરિવારોમાં કરવામાં આવ્યું હતું.

શ્રદ્ધાસુમન

અ.નિ. શ્રી પ્રશાંત બાબુભાઈ સેંજલિયા :- અમદાવાદ ગુરુકુલના ભૂતપૂર્વ વિદ્યાર્થી તથા રબારિકા ગામના શ્રી પ્રશાંત સેંજલિયા તા. ૨૪ મે, ૨૦૨૫ના રોજ અક્ષરવાસી થયા છે. પ્રશાંત ખૂબ સેવાભાવી અને સંતો-મહારાજમાં હેત વાળો યુવાન હતો. ખૂબ જ નાની ઉંમરે અક્ષરવાસી થવાથી સેંજલિયા પરિવાર તથા ગુરુકુલને ખૂબ મોટી ખોટ પડી છે. પૂજ્ય બાલકૃષ્ણદાસજી સ્વામી તથા સંતોના સેવક તરીકે રહી પ્રશાંતે ગુરુકુલમાં નિષ્ઠાપૂર્વક સેવાઓ કરી હતી. ભગવાન શ્રીહરિ પ્રશાંતના પવિત્ર આત્માને પોતાના ચરણોનું અખંડ સુખ આપે તથા બાબુભાઈ વગેરે સર્વ પરિવારજનોને ધીરજ અર્પે એવી પ્રાર્થના.

અ.નિ. શ્રી વિવેક રતિભાઈ સેંજલિયા :- અમદાવાદ ગુરુકુલના ભૂતપૂર્વ વિદ્યાર્થી તથા સંતોના કૃપાપાત્ર, ગામ રબારિકાના શ્રી વિવેક સેંજલિયા તા. ૨૪ મે, ૨૦૨૫ના રોજ અક્ષરવાસી થયા છે. પૂજ્ય બાલકૃષ્ણસ્વામી તથા સંતોની રુચિમાં રહી વિવેકે ગુરુકુલમાં ખૂબ સેવાઓ કરી હતી. એમની સમજણ તથા નિષ્ઠા અજોડ હતા. ખૂબ જ નાની ઉંમરે અક્ષરવાસી થવાથી એમની ભારે ખોટ પડી છે. ભગવાન શ્રીહરિ વિવેકના પવિત્ર આત્માને પોતાના ચરણોનું અખંડ સુખ આપે તથા રતિભાઈ વગેરે સર્વ પરિવારજનોને ધીરજ અર્પે એવી પ્રાર્થના.

અ.નિ. શ્રી ભગવતીપ્રસાદ રાવલ :- અમદાવાદ નિવાસી તથા ગુરુકુલના અનન્ય સેવક શ્રી ભગવતીપ્રસાદ રાવલ તા. ૧૪ મે, ૨૦૨૫ના રોજ અક્ષરવાસી થયા છે. આ પરિવાર ખૂબ સારો સત્સંગ રાખે છે. ભગવાન શ્રીહરિ ભગવતીપ્રસાદભાઈના પવિત્ર આત્માને પોતાના ધામનું સાશ્વત સુખ અર્પે તથા ઘનશ્યામભાઈ વગેરે સર્વ પરિવારને ધીરજ અર્પે એ જ પ્રાર્થના.

અ.નિ. શ્રી હંસરાજભાઈ ગોકળભાઈ લુણાગરિયા :- ગુરુકુલના સેવાકાર્યોમાં નિષ્ઠાથી જોડાયેલા શ્રી હંસરાજભાઈ લુણાગરિયા તા. ૨૨ મે, ૨૦૨૫ના રોજ અક્ષરવાસી થયા છે. હંસરાજભાઈ ખૂબ સાર સત્સંગી હતા. શ્રીજી મહારાજ હંસરાજભાઈના પવિત્ર આત્માને મૂર્તિના સુખે સુખિયા કરે તથા મહેશભાઈ વગેરે સર્વ પરિવારને ધીરજ અર્પે એવી પ્રાર્થના.

અ.નિ. શ્રી નીલ અરવિંદભાઈ ખુંટ :- ગામ જરગલી નિવાસી નીલ ખુંટ તા. ૧૨ જૂન, ૨૦૨૫ના રોજ અક્ષરવાસી થયા છે. ગુરુકુલના વિદ્યાર્થી તથા સેવામાં તત્પર યુવાન નીલના અક્ષરવાસથી પરિવારને ખૂબ મોટી ખોટ પડી છે. શ્રીજી મહારાજ નીલના પવિત્ર આત્માને પોતાની મૂર્તિનું સુખ આપે તથા અરવિંદભાઈ વગેરે સર્વ પરિવારને ધીરજ અર્પે એવી પ્રાર્થના.

અ.નિ. શ્રી હિંમતભાઈ નરશીભાઈ દોમડિયા :- ગામ ઝુડવડલી નિવાસી તથા ગુરુકુલના સેવાકાર્યોમાં નિષ્ઠાથી જોડાયેલા હિંમતભાઈ દોમડિયા તા. ૨૭ મે, ૨૦૨૫ના રોજ અક્ષરવાસી થયા છે. ભગવાન શ્રીહરિ હિંમભાઈના પવિત્ર આત્માને પોતાના ધામનું સાશ્વત સુખ અર્પે તથા બાબુભાઈ, જયદિપભાઈ, પ્રતિકભાઈ વગેરે સર્વ પરિવારને ધીરજ અર્પે એ જ પ્રાર્થના.

અ.નિ. શ્રી હીરાબેન ઘીરુભાઈ વઘાસિયા :- રાજકોટ નિવાસી શ્રી હિરાબેન વઘાસિયા તા. ૨૩ મે, ૨૦૨૫ના રોજ અક્ષરવાસી થયા છે. આ પરિવાર ખૂબ સારો સત્સંગ રાખે છે તથા ગુરુકુલમાં અપાર સેવાઓ રહી છે. ભગવાન શ્રીહરિ આ પવિત્ર આત્માને પોતાના ધામનું સાશ્વત સુખ અર્પે તથા યોગેશભાઈ વગેરે સર્વ પરિવારને ધીરજ અર્પે એ જ પ્રાર્થના.

અ.નિ. શ્રી રંજનબેન મુકેશભાઈ વીરડિયા :- રાજકોટ નિવાસી શ્રી રંજનબેન વિરડિયા તા. ૨૬ મે, ૨૦૨૫ના રોજ અક્ષરવાસી થયા છે. ભગવાન શ્રીહરિ આ પવિત્ર આત્માને પોતાના ધામનું સાશ્વત સુખ અર્પે તથા મુકેશભાઈ વગેરે સર્વ પરિવારને ધીરજ અર્પે એ જ પ્રાર્થના.

અ.નિ. શ્રી ઈન્દુબેન મૂળજીભાઈ પટોળિયા :- અમદાવાદ નિવાસી શ્રી ઈન્દુબેન પટોળિયા તા. ૯ જૂન, ૨૦૨૫ના રોજ અક્ષરવાસી થયા છે. ભગવાન શ્રીહરિ આ પવિત્ર આત્માને પોતાના ધામનું સાશ્વત સુખ અર્પે તથા સંજયભાઈ, સુધીરભાઈ વગેરે સર્વ પરિવારને ધીરજ અર્પે એ જ પ્રાર્થના.

અ.નિ. શ્રી કંચનબેન દિનેશભાઈ પોકિયા :- ફાટસર નિવાસી શ્રી કંચનબેન પોકિયા તા. ૬ જૂન, ૨૦૨૫ના રોજ અક્ષરવાસી થયા છે. ભગવાન શ્રીહરિ આ પવિત્ર આત્માને પોતાના ધામનું સાશ્વત સુખ અર્પે તથા દિનેશભાઈ, નિકુંજભાઈ, મયુરભાઈ વગેરે સર્વ પરિવારને ધીરજ અર્પે એ જ પ્રાર્થના.

અ.નિ. શ્રી શિલ્પાબેન પ્રદિપભાઈ વ્યાસ :- વડોદરા નિવાસી તથા ગુરુકુલના સેવાકાર્યો સાથે જોડાયેલા પરિવારના શ્રી શિલ્પાબેન વ્યાસ તા. ૧૬ જૂન, ૨૦૨૫ના રોજ અક્ષરવાસી થયા છે. ભગવાન શ્રીહરિ આ પવિત્ર આત્માને પોતાના ધામનું સાશ્વત સુખ અર્પે તથા પ્રદિપભાઈ, વેદ વગેરે સર્વ પરિવારને ધીરજ અર્પે એ જ પ્રાર્થના.

ગુરુકુલમાં રસોઈ, સદાવ્રત ભોજન, યજ્ઞ-ગૌપૂજન

પ.ભ. શ્રી ઓમ ભાવિનભાઈ પટેલ, અમદાવાદ
અ.નિ. વસંતબેન છેલશંકરભાઈ જોષી,
હ. પ.ભ. શ્રી રાજેશભાઈ જોષી SGVP Office
પ.ભ. શ્રી ચંદ્રેશભાઈ પટેલ, ઓસ્ટ્રેલીયા
પ.ભ. શ્રી બ્રિજેનભાઈ કાપડીયા, રાજકોટ
પ.ભ. શ્રી પ્રદિપભાઈ વાસુદેવભાઈ પટેલ, અમદાવાદ

આગામી આયોજન

તા. ૦૪/૦૭/૨૫, શુક્રવાર : **શ્રીહરિ જયંતી** : સવારે શ્રી નીલકંઠવર્ણી પયોભિષેક તથા રાજોપચાર પૂજન, મેમનગર ગુરુકુલ
તા. ૦૬/૦૭/૨૫, રવિવાર : **દેવશયની એકાદશી**, ચાતુર્માસ પ્રારંભ, વિશેષ ભજન-ભક્તિના નિયમ લેવા
તા. ૧૦/૦૭/૨૫ : ગુરુવાર : **ગુરુપૂર્ણિમા મહોત્સવ** : સાંજે ૪:૦૦ કલાકે, SGVP ગુરુકુલ
તા. ૨૧/૦૭/૨૫, સોમવાર : **કામિકા એકાદશી**

SGVP®
HOLISTIC
HOSPITAL
FUSION OF MODERN AND TRADITIONAL HEALTHCARE

NABH

પાર્કિન્સનના દર્દીઓ માટે સારા સમાચાર!

શું દવાઓ કામ નથી તરતી?
શું તમે લાંબા સમય માટે રાહત મેળવવા માંગો છો?

SGVP હોલિસ્ટિક હોસ્પિટલ લઈને આવ્યું છે

ગુજરાતનો પહેલો એવો અદ્યતન

ન્યુરો મોડ્યુલેશન

વિભાગ,

જ્યાં પાર્કિન્સનની અત્યાધુનિક ટેકનોલોજી દ્વારા ખાસ ઉપલબ્ધ છે. અમે પાર્કિન્સનના દર્દીઓને ફરીથી પોતાની રીતે સ્વતંત્ર જીવન જીવવામાં મદદ કરી રહ્યા છીએ!

- પાર્કિન્સન ક્યા સ્ટેજ પર છે તેનું ચોક્કસ નિદાન
- દવાની માત્રામાં જરૂરીયાત મુજબ ફેરફાર
- આધુનિક સારવાર જેવી કે DBS (ડીપ બ્રેઈન સ્ટિમ્યુલેશન) અને AI આધારિત RFA (રેડિયો ફ્રિક્વન્સી એબલેશન)
- દરેક દર્દી માટે ખાસ કસરત અને માર્ગદર્શન

અમે ઘણા પાર્કિન્સનના દર્દીઓના જીવનમાં મોટો બદલાવ લાવ્યા છીએ - હવે તમારી તક છે!

વધુ માહિતી અને એપોઇન્ટમેન્ટ માટે સંપર્ક :

+91 63598 55507

sgvpholistichospital.org

SGVP કેમ્પસ, નિરમા યુનિ. સામે, S.G. હાઈવે, અમદાવાદ

"GURUKUL DARSHAN" R.N.I.No. GUJGUJ/2009/28937. Registered under Postal Reg. No. GAMC-1468/2025-2027
Valid Upto 31-12-2027 issued by the SSPO's Ahmedabad City Division, permitted to post at PSO Ahmedabad on 25th of every month.
Licence to post without Prepayment No. PMG/HQR/092/2025-2027 valid upto 31-12-2027. Date of Publication is 25th of every month.

શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ અમદાવાદ, SGVP તથા રીબડા ગુરુકુલ ખાતે યોજાયેલ આમ્રોત્સવનાં દિવ્ય દર્શન
આમ્રોત્સવના પ્રસાદની કેરીઓ દરીદ્રનારાયણને અર્પણ કરતા સ્વયંસેવકો-વિદ્યાર્થીઓ

શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ વિશ્વવિદ્યા પ્રતિષ્ઠાનમ્ (SGVP) અમદાવાદને આંગણે
પરમ પૂજ્ય ગુરુવર્ય શાસ્ત્રી શ્રી માધવપ્રિયદાસજી સ્વામીના સાનિધ્યમાં

ગુરુપૂર્ણિમા મહોત્સવ

તા. ૧૦ જુલાઇ, ગુરુવાર-૨૦૨૫

સમય : સાંજે ૪:૦૦ કલાકે

ગુરુ પૂજનના પાવન અવસરે ભવસાગરના તારણહાર ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજ, પુરાણી શ્રી પ્રેમપ્રકાશદાસજી સ્વામી, પૂજ્યપાદ શ્રી જોગીસ્વામી તથા વિદ્યમાન સદ્‌ગુરુ સંતોનું પૂજન કરી જીવનને ધન્ય બનાવવા સૌ સાથે મળીએ.

If undelivered Please Return to:
Shree Swaminarayan Gurukul
Gurukul Road, Memnagar,
Ahmedabad - 380052

To.

Printed and Published by Purani Balkrushnadas on behalf of shree Swaminarayan Gurukul memnagar, Ahmedabad. Printed at Surya offset, Bopal, Ahmedabad and published from shree Swaminarayan Gurukul Memnagar, Ahmedabad 380052. Editor : Parshad Shamjibhagat
વાર્ષિક લવાજમ રૂા. ૫૦/- પંચવાર્ષિક લવાજમ રૂા. ૨૫૦/-